**સુવિચાર**

અપના હાથ જગન્નાથ ગણી કાર્યરત રહેનારને પારકાની આશા ઠગારી નીવડે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૪/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૧૬

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી ( દૂરબીનથી ઓપરેશન)




નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## તીરૂપતિ કેમટેક ભકિતનગરમાં એ.ટી.એસ. અને એસઓજીએ સંયુકત દરોડો પાડયો

# અમરેલીનાં કેરિયા રોડ ઉપરથી મેફેડ્રોન (ડ્રગ્ઝ) ઝડપાતા ખળભળાટ

**ગુજરાત, રાજસ્થાનમાંથી ઝડપાયેલ ડ્રગ્ઝનો જથ્થો અને આરોપીનું પગેરૂ અમરેલી સુધી આવી પહોંચ્યું**

**રૂપિયા ૨૩૦ કરોડની કિંમતનું ડ્રગ્ઝ જુદા-જુદા વિસ્તારમાંથી ઝડપાયા બાદ અમરેલી સુધી તપાસ પહોંચી**

**તપાસનીશ ટીમે નીતિન ધીરૂભાઈ કાબરીયા અને કિરીટ લવજીભાઈ માદલીયાની અટકાયત કરી**

**તપાસનીશ ટીમે ઝડપાયેલ બંને આરોપીની પુછપરછ શરૂ કરી**











અમરેલી, તા. ૨૭

એ.ટી.એસ. ગુજરાતના વરીષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા તેઓએ ગુજરાત એ.ટી.એસ.ના વરીષ્ઠ પોલીસ અધિકારીઓને જાણ કરી આ માહિતીને પો.સ.ઈ. દિપ્તેશ ચૌધરી તથા



એ.ટી.એસ.ના અધિકારીઓને આતંકવાદ, નાર્કોટીકસ તથા ઓર્ગેનાઈઝડ ક્રાઈમ જેવા ગંભીર ગુન્હાઓને રોકવા કામગીરી કરવા સૂચના કરેલ હતી. જે સૂચના અન્વયે એ.ટી.એસ. ગુજરાત દ્વારા નાર્કોટીકસ, આર્મ્સ વિગેરે ઓર્ગેનાઈઝડ ક્રાઈમ પર સર્વેલન્સ રાખવામાં આવેલ હતું. દરમ્યાન એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક એસ.એલ. ચૌધરીને બાતમી મળેલ કે, મનોહરલાલ કરસનદાસ ઐનાની, રહે. થલતેજ અમદાવાદ તથા કુલદીપસીંગ લાલસીંઘ રાજપુરોહિત રહે. ગાંધીનગર, મૂળ રહે. ગામ. તેવરી (રાજસ્થાન) તેના સાથીદારો સાથે મેળાપીપણામાં ગુજરાત તથા રાજસ્થાનમાં કેટલીક જગ્યાઓએ ફેકટરીમાં ગેરકાયદેસર માદક પદાર્થ મેફેડ્રોન બનાવી વેચાણ કરે છે.

ઉપરોકત માહિતી અંગે રવી વઢવાણાના દ્વારા ડેટા એનાલીસીસથી ડેવલોપ કરાવી તેમજ પો.સ.ઈ. એ. આર. ચૌધરી, કે.બી. દેસાઈ તથા ટીમના માણસો દ્વારા ગેરકાયદેસર માદક પદાર્થ મેફેડ્રોનના ઉત્પાદન અને વેચાણ કરવામાં સામેલ ઈસમોની ઓળખ મેળવી, તેમની ગુન્હાહિત પ્રવૃત્તિ ઉપર સર્વેલન્સ તથા વોચ રાખી માહિતીની ખરાઈ કરાવેલ. જે અન્વયે જાણવા મળેલ કે મનોહરલાલ કરસનદાસ ઐનાની શીરોહી, રાજસ્થાન ખાતે તથા કુલદીપ લાલસીંઘ પુરોહિત તથા તેના સહયોગીઓ હાલમાં ગુજરાતના ગાંધીનગર, અમરેલી અને રાજસ્થાનના ભીનમાલ તથા ઓશીયા, જોધપુર ખાતે ગેરકાયદેસર માદક પદાર્થ મેફેડ્રોન બનાવી વેચાણ કરે છે.

ઉપરોકત ચોક્કસ ઈન્ટેલીજન્સને એન.સી.બી. સાથે શેર કરી જોઈન્ટ ટીમ બનાવી દરેક લોકેશન ખાતે મોકલવામાં આવેલ. તા. ૨૬/૪/૨૦૨૪ની મોડી રાત્રે



એ.ટી.એસ. ગુજરાત તથા એન.સી.બી.ની સંયુકત ટીમ દ્વારા ગુજરાત તથા રાજસ્થાન ખાતે વિવિધ જગ્યાઓએ રેડ કરી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવેલ. જેમાં આશરે ૨૨.૦૨૮ કિ.ગ્રા. મેફેડ્રોન (એમડી), આશરે ૧૨૪ લીટર લીકવીડ મેફેડ્રોન/ સ્લરી એમડી, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત રૂ. ૨૩૦ કરોડથી વધુની થાય છે, જે રીકવર કરવામાં આવેલ છે. તેમજ ચાર ફેકટરી તથા મેન્યુફેકચરીંગ ઈકવીપમેન્ટસ સીઝ કરવામાં આવેલ છે તથા કુલ ૧૩ ઈસમોને પકડી પાડવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ગુજરાત એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાયઓના નેતૃત્વ હેઠળ એ.ટી.એસ. ગુજરાત તથા એન.સી.બી.(ઓપ્સ.) દિલ્હીની સંયુકત ટીમ મુખ્ય સૂત્રધાર મનોહરલાલ કરસનદાસ ઐનાની દ્વારા સર્વે નંબર ૩૪૧, ૪૫૪ મત્રા નદી, ગામ લોટીવાલા બડા, તાલુકા– જીલ્લોઃ શીરોહી ખાતે ચાલતી ફેકટરીમાં રેડ કરવામાં આવેલ. જે દરમ્યાન ૧૫ કિ.ગ્રા. પ્રેસેસ્ડ મેફેડ્રોન (એમડી) તથા ૧૦૦ કિ.ગ્રા. લીકવીડ મેફેડ્રોન/ સ્લરી એમડી રીકવર કરવામાં આવેલ છે તેમજ ગેરકાયદેસર રીતે ચાલતી ફેકટરી અને મેન્યુફેકચરીંગ ઈકવીપમેન્ટ પણ જપ્ત કરવામાં આવેલ છે તથા ચાર ઈસમો (૧) રગારામ નરસારામ મેઘવાલ (ઉં વ. ૪૭) રહે. ગામ મેઘવાલો કા બાસ, લોટીવાલા બડા, તાલુકા– જીલ્લોઃ શીરોહી, રાજસ્થાન (૨) બજરંગલાલ ધાનારામ બીશ્નોઈ (ઉં વ. ૪૫) રહે. ગામ લીઆદ્રા, સાંચોર, (૩) નરેશ મણીલાલ મકવાણા (ઉં વ. ૪૦) રહે. જુવાલ, સાણંદ, જીલ્લો અમદાવાદ તથા (૪) કનૈયાલાલ ગોહીલ, રહે. સાણંદને પકડી પાડવામાં આવેલ છે. મનોહરલાલ કરસનદાસ ઐનાની અગાઉ વર્ષ ૨૦૧૫માં ડીઆરઆઈ દ્વારા આબુરોડ ખાતે રીકો ઈન્ડસ્ટ્રીમાંથી રીકવર થયેલ ૨૭૯ કિ.ગ્રા. મેફેડ્રોન (એમડી) સીઝર કેસમાં પણ મૂખ્ય આરોપી હતો અને જે કેસમાં તેણે ૦૭ વર્ષની સજા ભોગવેલ છે.

ગુજરાત એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક એસ.એલ. ચૌધરી નેતૃત્વ હેઠળ એ.ટી.એસ. ગુજરાત તથા એન.સી.બી.(ઓપ્સ.) દિલ્હીની સંયુકત ટીમ દ્વારા ગાંધીનગરના પીપળજ ગામે એક રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે ચાલતી ફેકટરી ખાતે રેડ કરવામાં આવેલ. જે ફેકટરીમાં હાજર ઈસમો (૧) કુલદીપસીંગ લાલસીંઘ

**અનુસંધાન પાના ૬ ઉપર**

મંગલ નવપ્રસ્થાન
રૈયાણી મલ્ટિસ્પેશિયાલિટી ડેન્ટલ હોસ્પિટલ



ડો.મિલન બી.રૈયાણી
B.D.S., M.D.S. (Ortho.)



ડો.રચના એમ.રૈયાણી
B.D.S.,(Dental Surgeon)

આજના અતિ ઝડપી સમયમાં માણસ દાંતની ઓછી કાળજી લે છે. ''દાડમ જેવા દાંત'' ની વાતો હવે કહેવતોમાં જ સાંભળવા મળે છે. અત્યારની દોડધામ ભરેલી જીવનપ્રણાલીમાં દાંતની માવજત માટે લોકો વધુ ચિંતાતુર બન્યા છે એવા સમયે.... આપના દાંતની સંપૂર્ણ સુખાકારી માટે અમરેલીનાં આંગણે અમે....

અમારા સોપાનના નવપ્રસ્થાન રૂપી ઉદ્‌ઘાટન સાથે આપની સેવા માટે કટિબદ્ધ છીએ. આપના દાંતની અત્યાધુનિક ટેકનોલોજીની સાથે સાથે માનવસહજ સંવેદનાસભર સારવાર માટે અમે આપને અંતઃકરણપૂર્વક આવકારીએ છીએ.

તારીખ : ૨૮-૦૪-૨૦૨૪, રવિવાર
સમય : સવારના ૯-૦૦ કલાકથી આપના આગમન સુધી...
સ્થળ : માણેકપરા મેઈન રોડ, લાઈફ-લાઈન કોમ્પ્લેક્ષ સામે, અમરેલી - ૩૬૫૬૦૧

: પ્રતીક્ષાતુર :
બાબુભાઈ ખીમજીભાઈ રૈયાણી (B.K)
રમેશભાઈ ખીમજીભાઈ રૈયાણી (R.K)
ધીરૂભાઈ ખીમજીભાઈ રૈયાણી (D.K)
દિપકભાઈ બાબુભાઈ રૈયાણી

હોસ્પિટલ ઈન્કવાયરી
9313449697

રૈયાણી
મલ્ટિસ્પેશિયાલિટી ડેન્ટલ હોસ્પિટલ






માણેકપરા મેઈન રોડ,લાઈફ-લાઈન કોમ્પ્લેક્ષ સામે, અમરેલી

## સર્વિસ માર્ગ, ઓવરબ્રીજ સહિતનાં અનેક કાર્યો એક દાયકા બાદ પણ પૂર્ણ નથી થયા

# રાજુલા નજીક ભાવનગર-વેરાવળ નેશનલ હાઈવેનું અધુરૂ કાર્ય પૂર્ણ કરો

**વાયબ્રન્ટ અને ગતિશીલ સરકારનાં રાજમાં નેશનલ હાઈવે ઓથોરીટીની ગતિ કેમ ગોકળ ગાય જેવી બની છે**

**દાતરડી, હિંડોરણા, ચારનાળા થઈને હેમાળ સુધીનાં લગભગ ૫૦ થી ૬૦ કિ.મી.નાં માર્ગનાં અનેક કાર્યો અધુરા**

**સરપંચથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓએ આ બાબતે રજુઆત કરવી જરૂરી બની**

**અમરેલી જિલ્લાને સૌપ્રથમ ૧૦ વર્ષ પહેલા મળેલ નેશનલ હાઈવે પણ સંપૂર્ણ થયો નથી**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાને આઝાદીનાં દાયકાઓ બાદ સૌપ્રથમ નેશનલ હાઈવે દરિયાકાંઠાનાં વિસ્તાર રાજુલા–જાફરાબાદ પંથકને મળ્યો. જેમાં ભાવનગર–વેરાવળ નેશનલ હાઈવે બનવાનું જાહેર થતાં જિલ્લાની સરહદને આ લાભ મળેલ.

આશ્ચર્યજનક બાબત એ છે કે, એકાદ દાયકાથી ભાવનગર–વેરાવળ હાઈવેનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે પરંતુ હજુ રાજુલાનાં દાતરડીથી ઉના નજીક આવેલ હેમાળ ગામ સુધીનાં અંદાજિત ૬૦ કિ.મી.નાં આ માર્ગમાં સર્વિસ માર્ગ, ઓવરબ્રીજ, રેગ્યુલર બ્રીજ સહિતનાં અનેક કાર્યો અધુરા જોવા મળતાં આજુબાજુનાં ગામો અને વાહનચાલકોમાં નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ અંગે સરપંચથી લઈને સાંસદ સુધી જનપ્રતિનિધિઓએ દરમિયાનગીરી કરીને ભાવનગર–વેરાવળ નેશનલ હાઈવેમાં રાજુલા નજીકનાં વિસ્તારમાં જે કોઈ કાર્ય હોય તે પૂર્ણ કરવા નેશનલ હાઈવેનાં અધિકારીઓને રજૂઆત કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

---

### માણેકપરા ખાતે અતિ આધુનિક હોસ્પિટલ તૈયાર થતાં

# અમરેલીમાં આજે રૈયાણી મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ હોસ્પિટલનું રીઓપનીંગ

**સંતો, મહંતો, રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે**

અમરેલી, તા. ૨૭

અમરેલીનાંમાણેકપરાખાતે આવતીકાલ રવિવારે સવારે ડેન્ટીસ્ટ મિલનરૈયાણીધ્વારાનિર્મિતનવીરૈયાણી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનું રી ઓપનીંગ બાબરાનાં તાપડીયા આશ્રમનાં મહંત પૂ. ઘનશ્યામદાસ બાપુનાંહસ્તે કરવામાંઆવશે.

આ તકે પૂ. ભકિતરામબાપુ (ફતેપુર), ભાલચંદ્રદાદા (નાગનાથ મંદિર) આશીર્વચન પાઠવશે. આ પ્રસંગે રાજકીયઅનેસામાજિકઆગેવાનો પણ શુભેચ્છા પાઠવશે. મિત્રો, શુભેચ્છકોને પધારવા ડો. મિલન રૈયાણી, ડો. રચના



રૈયાણી અને સમગ્ર રૈયાણી પરિવારે અનુરોધ કરેલ છે.

---

### ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં બેઠક યોજાઈ

# સાવરકુંડલા ખાતે ડોકટર સેલની બેઠકમાં મોદી પરિવારનો છે નિર્ધાર અબ કી બાર ૪૦૦ પાર

**ધારાસભ્ય મહેશ કસવાલાએ ભાજપ સરકારની સિધ્ધિ વર્ણવી**



સાવરકુંડલા, તા. ૨૭

જનતાનાં સેવાલય "અટલધારા" કાર્યાલય સાવરકુંડલા ખાતેલોકસભાનાઉમેદવારભરતભાઈ સુતરીયાનાંસમર્થનમાંધારાસભ્યમહેશ કસવાલાનાંઅધ્યક્ષતામાંડોકટરસેલીન મીટીંગયોજવામાંઆવી.

દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીધ્વારાથયેલ ૧૦વર્ષમાં આરોગ્યલક્ષી સુવિધાઓ જેમાં આયુષ્માન કાર્ડ, મેડીકલ કોલેજ, ઈમરજન્સી ૧૦૮ ઘરઘર સુધી પહોંચે, શહેરનાંલોકોઆગામીતા. ૭/૫/૨૪નાં યોજાનાર ચૂંટણીમાં લોકો ૧૦૦% મતદાન કરે તેવા પ્રયત્નો કરવા અપીલ કરી હતી.

આ બેઠકમાં અમરેલી જિલ્લા ડોકટર સેલ પ્રમુખ ડો. ચંદ્રશભાઈ ખૂંટ, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, નગરપાલિકા ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ મહામંત્રીઓ વિજયસિંહ વાઘેલા, શહેર ડોકટર સેલ પ્રમુખ ડો. નટુભાઈ પાનસુરીયા, પૂર્વ ડોકટર સેલ પ્રમુખ ડો. કેશુભાઈ લાડવા, આઈએમએ પ્રમુખ ડો. અંકિત સંઘવી, કા. ચેરમેન અશોકભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

---

### બાપકમાઈની બાઈકમાં ત્રિપલ સવારીમાં સીનસપાટા કરનારને કાબુમાં લો

# અમરેલીમાં ધુમ સ્ટાઈલમાં બાઈક ચલાવી અરાજકતા ફેલાવનાર રોમિયોને નાથવા જાગૃત નાગરિકની માંગ

**હિતેષ સેંજલીયાએ સીટી અને ટ્રાફિક અધિકારીને પત્ર પાઠવીને રજૂઆત કરી**

અમરેલી, તા. ૨૭

અમરેલીનાં જાગૃત નાગરિક હિતેષ સેંજલીયાએ સીટી પીઆઈ અને ટ્રાફિકવિભાગનાંઅધિકારીને પત્ર પાઠવીને શહેરમાં ધુમ સ્ટાઈલમાં બાઈક ચલાવી રોમિયોગીરી કરનાર છેલબાટઉ નબીરાઓ પર કાર્યવાહી કરવા માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીશહેરઅનેઆસપાસનારોડમુખ્ય રોડ અને બાયપાસ ઉપર નબીરાઓ ધૂમ સ્ટાઈલથી બાઈકો ચલાવી નાના–મોટા અકસ્માતો સર્જતા હોઈ તંત્ર "તથ્ય પટેલ" કાંડની રાહ જોઈને બેઠેલ હોઈ એવું લોકોને મહેસુસ થઈ રહેલ છે અને આવા નબીરાઓને કોઈ કહેવાવાળું નથી. દિવસ દરમિયાન શહેરમાં જયાં એકબાજુ ખૂંટિયાનો ત્રાસ અને બહેન દીકરીઓના આવવાજવાનારસ્તેઅનેસમયેજેમકેસ્કુલ, કોલેજ, હોસ્ટેલ, સંકુલ, ટયુશન કલાસ આજુ–બાજુ આવા લફંગાવો કોઈ જાનહાની કરે એ પહેલા કાયદાનું કામ કરે તે ઈચ્છનીય છે. અને રાત્રે જે માર્ગો ઉપર માતાઓ–બહેનો વોકિંગ કરવા નીકળે તે રાત્રે ૨૧ કલાકથી ૨૪ કલાક સુધી બંદોબસ્ત ગોઠવવામાં આવે તે મુજબ કડક બંદોબસ્ત ગોઠવી લાયસન્સ, પી.યુ.સી., ગાડીના કાગળો, ઓવર સ્પીડ, મોટા અવાજવાળા સાયલેન્સર, નિયમ વિરૂધ્ધના હોર્ન વાળા બાઈકો અને જરૂર લાગે ત્યાં કારને પણ રોકવા ટોકવામાં આવે તો ઘણા અકસ્માતો કે અઘટિત ઘટનાઓ નિવારી શકાય. ખાસ તો કેરિયા રોડે, લીલીયા રોડ અને ચકકરઢ રોડે ખાસ કે ત્યાં દરેક જ્ઞાતિ, જાતી, સમાજ, ધર્મની બહેન દીકરીઓને આવવા જવા ના માર્ગ ઉપર સતત મંડરાતા રહેતા ધૂમ સ્ટાઈલ, મોટા હોર્ન, મોટા આવજવાળા સાયલેન્સર, ત્રણસવારી નંબર વગરના અને નાની ઉંમરના નબીરાઓના બાઈકો ડીટેઈન કરવા કાયમિક ધોરણે વ્યવસ્થા કરી અને નેત્રમનો પણ ઉપયોગ કરી અને ડીટેઈન કરવા. આગામી દિવસોમાં એમ કરવામાં નહિ આવે તો અમારે જાતે પોલીસની કામગીરી કરવાની ફરજ પડશે અને જ્ઞાતિવાદ, જાતિ વાદ, હિંદુ–મુસ્લીમ કે કોઈ પણ પ્રકારની માથાકુટો વગર કે કેસ કબાડા ઉપસ્થિત થશે તો એના માટે જવાબદાર ટ્રાફીક વિભાગ શહેર પોલીસ અને એસ.પી. અને જેઓને આ કામ કરવા માટે જવાબદારી અને વળતર ચુકવાઈ રહ્યું હોઈ અને વાહન ડીઝલ–પેટ્રોલ આ કામ માટે ઉધારાતું હોઈ તેઓની સંયુકત જવાબદારી રહેશે. આ કામ ચાર દિવસ પછી અમો જાતે કેમેરા સાથે શરૂ કરીશું અને કોઈપણ નિયમોનું ભંગ કરનારને બક્ષવામાં નહિ આવે તેમજ કોઈ તથ્ય પટેલ કાંડ સર્જાય તો એના માટે તંત્રની જવાબદારી રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

---

### જિલ્લા બેન્ક તત્કાલીન એમ.ડી. સ્વ. ચંદુભાઈ સંઘાણીની પૂણ્યતિથિએ

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં આજે વિનામૂલ્યે ચકલી ઘરનું વિતરણ

**પક્ષીપ્રેમીઓને ચકલી ઘર મેળવવા અનુરોધ**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા બેન્કનાં તત્કાલીન એમ.ડી. અને ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં લઘુબંધુ સ્વ. ચંદુભાઈ સંઘાણીની બીજી પૂણ્યતિથિએ ડો. જીવરાજ મહેતાચોકમાંસવારે૯થી ૧૧ સુધીનિઃશુલ્ક ચકલી ઘરનું વિતરણ અમરેલી સેવા ટ્રસ્ટ ધ્વારા કરવામાંઆવશે.



સ્વ. ચંદુભાઈ સંઘાણીને નિર્દોષ પક્ષી અને જેનું અસ્તિત્વ જોખમમાં છે તેવી ચકલીઓ પ્રત્યે અપાર લાગણી જોવા મળતી નથી અને તેઓ હંમેશા ચકલીને બચાવવા માટે કાર્ય કરતાં હતા. આજથી બે વર્ષ પહેલા તેમની આકસ્મિક વિદાય થતાં તેમના ટ્રસ્ટ ધ્વારા ચકલીઓની સેવા કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આવતીકાલે ચકલી ઘરનું વિતરણ કરવામાં આવશે. તો પક્ષી પ્રેમીઓને ચકલી ઘર મેળવી લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

---

### ગૌરવવંતા કાર્યકરોની ગાથાનાં મધ્યવર્તી વિચાર સાથે

# અમરેલીના બીએપીએસ સ્વામીનારાયણ મંદિરે આંત્તરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

**૧૫૦૦થી વધારે બાળકી, યુવતીઓ અને મહિલાઓ જોડાઈ**

અમરેલી, તા. ૨૭

૧૮મી સદીમાં જયારે સામાજીક, ધાર્મિક, નૈતિકઅનેરાજકીય ક્ષેત્રે મહિલાઓનીસ્થિતિ દયનીયહતી, ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે મહિલા ઉત્કર્ષની જયોત પ્રગટાવી. ભગવાનશ્રીસ્વામિનારાયણેકરેલાનારી ઉત્કર્ષનાં કાર્યોમાં તેઓના સર્વતોમુખી ઉત્કર્ષ અને આધ્યાત્મિક વિકાસની ખેવનાહતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ કાર્યને પરમ પૂજય પ્રમુખસ્વામીમહારાજેવિશ્વ ફલક ઉપર વિસ્તાર્યું છે અને હાલ પરમ પૂજય મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાની મહિલા પાંખે દેશ–વિદેશમાં આયોજનબપ્રધ વિકાસ સાપ્રયો છે અનેસંસ્થાનું મહિલા ઉત્કર્ષનું કાર્યસમગ્રસમાજમાટેઉપકારકસાબિત થયું છે.

કન્યા કેળવણીના પ્રખર પુરસ્કર્તા પ.પૂ.પ્રમુખસ્વામીમહારાજનીપ્રેરણાથી બાલીકા, યુવતિઓ માટે વિશાળ વિદ્યાસંકુલોનીસાથેસાથેવિવિધ સત્સંગ કેન્દ્રોમાં યોજાતી કારર્કિદી માર્ગદર્શક શિબિરો, વાંચનપર્વ, અભ્યાસ પર્વ, કેમ્પસ સભાઓ, વ્યકિતત્વ વિકાસ શિબિરો જેવીપ્રવૃતિઓ હજારો વિદ્યાર્થીનીઓ માટે કારર્કિદી ઘડતરમાં



માર્ગદર્શક સાબિત થઈ રહી છે.

પ્રતિ સપ્તાહ યોજાતી હજારો મહિલા સત્સંગસભાઓમહિલાઓનેપારિવારિક, સાંસ્કૃતિક, આપ્રયાત્મિક ઉચ્ચતા તરફ આરોહણ કરાવી રહી છે. ૧૯૭૫થી આજપર્યંત મહિલા દિન નિમિત્તે દેશ–વિદેશમાં યોજાતા મહિલા સંમેલનો મહિલાઓ માટે તેઓના પ્રશ્નોપ્રત્યેવિશેષ જાગૃતિ કેળવનારાબનીરહ્યાછે.

બી.એ.પી.એસ. સંસ્થાની કાર્યકર પ્રવૃતિને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહેલ હોઈ, જેને અનુલક્ષીને આ વર્ષ કાર્યકર સુવર્ણ મહોત્સવ તરીકે ઉજવવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે ગૌરવવંતા કાર્યકરોની ગાથાના મધ્યમવર્તી વિચાર સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અમરેલી ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી છે.

અમરેલી શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી પાંચ વર્ષની બાલીકાથી માંડી ૮૦ વર્ષ સુધીના ૧૫૦૦થી વધારે મહિલા ભકતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રાસ–ગરબા, સંવાદ, વીડીયો શો જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે મહિલા ઉત્કર્ષના પ્રેરક પ્રવચનો ઉપસ્થિત સૌએ માણ્યા હતાં. આ કાર્યક્રમમાં અમરેલી શહેરના પ્રતિષ્ઠિત મહિલા ડોકટરશ્રીઓ, વિવિધ સેવાકીય સંસ્થા સાથે જોડાયેલ મહિલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમરેલી મહિલા સત્સંગ પ્રવૃતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

---

# હે રામ : ખેડૂતોને નીલગાય, દીપડા, સિંહની રંજાડ બાદ હવે સુવર મેદાનમાં આવ્યા

**બાબરાનાં ઉટંવડ ગામે સુવરના હુમલાથી ખેડૂત ઈજાગ્રસ્ત**

બાબરા, તા. ૨૭

બાબરા તાલુકાનાં ઉટવડ ગામે અરવીંદભાઈ નાનજીભાઈ પડસાણા ખેડૂત વાડીએ મોટર ચાલુ કરવા જતા હતા ત્યારે ઓચીંનતા આવી ચડેલ સુવરે ખેડૂતને બટકા ભર્યા હોવાથી ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ દાખલ કરવામાં આવેલ .



---

### સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન દ્વારા આયોજન

# અમરેલી ખાતે બાળ સર્વાંગી વિકાસ નિવાસી તાલીમ શિબિર સમાપન

**પાંચ દિવસની તાલીમનો ૪૫ બાળકોએ લાભ લીધો**

અમરેલી, તા. ૨૭

અમરેલી રૂપાયતન ટ્રસ્ટ સંચાલિત પી.એન.વોરા. વિદ્યાનિકેતન પ્રા. શાળા એન.ડી. સંઘવી. પ્રા.શાળા મણિનગર વિભાગ ડી.કે. કામદાર પ્રા.શાળા ચોરાપા વિભાગ દીપક હાઈસ્કૂલનાં આરસીસી/ એસપીસી કેડેમની પાંચ દિવસીય સર્વાંગી તાલીમ શિબિરનું સમાપન બહેરા–મૂંગા શાળામાં તા. ૨૫/૪/૨૪ના રોજ ડો. ચંદ્રેશભાઈ ખૂંટની અધ્યક્ષતામાં તથા સ્વામી નિત્યશુદાનંદ સરસ્વતીજી નાં આશીર્વાદ સાથે સંપન્ન થયું.

આ શિબિરમાં કુલ ૪૫ બાળકો જોડાયેલા હતા. નિવાસી તાલીમ શિબિર હતી સવારે ૫:૩૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી નિત્યમ રહેતો એ દરમિયાન બૌદ્ધિક વર્ગો સ્પર્ધાઓ જૂડો, રનીગ, ટ્રેનીંગ, પી.ટી., ડ્રીલ સમૂહ સફાઈ ડીમ્નસ્ટર મેનેજન્ટની તાલીમ અપાયેલ. જેમાં ડો. અમિતભાઈ ઉપાધ્યાય ભારતીબેન ગોહિલ ડો. ડબાવાલા વાસુદેવ સોઢા, યોગેશભાઈ તેરૈયા, ડો. ભારતિબેન બારડ, અશરફભાઈ પરમાર, દ્વારકાદાસ લલાડીયા, રઘુભાઈ ભટ્ટ, રિયાજભાઈ સેરસિયા કુરેશી સાહેબ, વિગેરેએ બૌદ્ધિક વર્ગો તથા સ્પર્ધામાં



મદદરૂપ બનેલ.

સ્પર્ધાનાં ઈનામો એજયુકેશનલ એમ્પોરીયમ, તથા આર્થિક સહયોગ બાપા સીતારામ ફરસાણ, દીપકભાઈ પોકાર, વિનુભાઈ કપચીવાળા, અશોકભાઈ જોષી ચલાલા, સમિરભાઈ કાબરિયા, આપેલ હતો. શિબિરના સંચાલનમાં તૃપ્તિબેન, ખુશીબેન ગોરખિયા, નીવા પુરાતન, નર્મેષા પંડયા, મુબીન ઘોઘારી, અભય મકવાણા, રોનક ચૌહાણ તથા આચાર્ય ઓ શિક્ષિકોએ સહયોગ આપેલ.

બહેરાં–મૂંગા શાળાના મેનેજીંગ ટ્રસ્ટી રજનીભાઈ મહેતા, પંકજભાઈ કાચા, કમલેશભાઈ રઘુભાઈ ભટ્ટ, તથા સ્ટાફના સહભાગી રહી આ શિબર સફળ રહી.

સમાપન કાર્યક્રમમાં ટ્રસ્ટ રજનીભાઈ મહેતા, પંકજભાઈ કાચા, કમલેશભાઈ જોષી તથા મોટી સંખ્યામાં વાલીઓ તથા પ્રમુખ નાગરિકોમાં પરેશભાઈ મહેતા, વાસુદેવ સોઢા, ઉમેશભાઈ સંઘવી ઉપસ્થિત રહયાં હતાં. ઉપસ્થિત મહેમાનોના હસ્તે પુરસ્કાર વિતરણ કરવમાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખુશીબેન ગોરખિયાએ કરેલ આઈસ્ક્રીમ લઈ છૂટા પડયા.

## આકોલડા ગામે ૪૦ વર્ષથી કોંગ્રેસમાં રહેલ બળવતંબાપુએ કેસરીયો ધારણ કર્યો

# અમરેલી જિલ્લામાં ભાજપ દ્વારા પ્રચારકાર્યની ગતિમાં વધારો

દેશનાં લોકપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ૪૦૦ બેઠક સાથે ત્રીજીવાર પ્રધાનમંત્રી બનાવવા હાંકલ કરતાં મહેશ કસવાલા

ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં સમગ્ર વિસ્તારનાં કાર્યકર્તાઓ ડોર ટુ ડોર પ્રચારમાં વ્યસ્ત

સાવરકુંડલાનાં ૧૧ ગામડાઓમાં જન-જન સાથે વ્યાપક પ્રમાણમાં લોકસપંર્ક કરતાં કાર્યકર્તાઓ

સાવરકુંડલાનાં યાર્ડનાં ચેરમેન દીપક માલાણી, ભાજપ અગ્રણી જીવનલાલ વેકરીયા સહિતનાં આગેવાનો જહેમત ઉઠાવે છે



સાવરકુંડલા, તા. ૨૭

આગામી લોકસભાની ચૂંટણી અન્વયે અમરેલી જિલ્લામાં વિવિધ ગામડાઓ, તાલુકાઓ, શહેરોમાં ડોર ટુ ડોર લોક સંપર્ક, જૂથ બેઠક, બુથ બેઠક, પ્રચાર પ્રસાર, સાહિત્ય, પત્રિકા વિતરણ સહિતની કામગીરી વેગવંતી કરવામાં આવી છે. ત્યારે સાવરકુંડલા વિધાનસભામાં પ્રથમવાર ચૂંટાયેલા અને પ્રથમવાર ધારાસભ્ય બનેલા લોકપ્રિય આ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સતત ગામડાઓનો પ્રવાસ કરવામાં આવી રહ્યો છે અને દરેક ગામોમાં જઈ ચૂંટણી મિટિંગો જોરોશોરથી કરી રહ્યા છે. ખાલપર, આંકોલડા, ફાંચરીયા, જેજાદ, ઠવી, વિરડી, નાળ, હિપાવડલી, પીપરડી, ઘોબા, મેકડા, ફિફાદ વગેરે ગામોમાં કસવાલા અને તેમની ટીમ દ્વારા મીટીંગ કરવામાં આવી હતી. આ મિટિંગમાં કસવાલા દ્વારા જણાવેલ કે, કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા છેલ્લા દસ વર્ષમાં ગરીબોનું કલ્યાણ, દેશનું કલ્યાણના સંકલ્પને સાકાર કરતી અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

વધુમાં તેઓએ જણાવેલ કે, દેશવાસીઓનું સામર્થ્ય, સંકલ્પ અને પ્રગતીને કારણે આગામી પાંચ વર્ષ દેશ માટે અસાધારણ વિકાસના રહેશે. ૨૦૪૭નું સપનું સાકાર કરવાની સૌથી મોટી સ્વર્ણિમ ઘડી આવનારા પાંચ વર્ષ છે ત્યારે વિકસિત ભારતના નિર્માણ માટે જે દેશ સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે તેને પૂર્ણ કરવા માટે દેશવાસીઓ આગામી લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસનો પર્યાય બનેલી ભારતીય જનતા પાર્ટી તરફથી મતદાન રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી બનીએ ત્યારે એક કાર્યકર્તા તરીકે એક જાગૃત નાગરિક તરીકેના આપણા કર્મને સાકાર કરવા આ લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના પનોતા પુત્ર અને પ્રધાન સેવક નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મોદી સરકાર ૪૦૦ને પારના સંકલ્પને પૂર્ણ કરવા કટિબદ્ધ બનીએ. આ મીટીંગ દરમિયાન ઉપસ્થિત અગ્રણીઓએ અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને ઐતહાસિક બહુમતીથી વિજય બનાવી દિલ્હીમાં "કમળ" મોકલવા અપીલ કરેલ હતી.

આ મિટિંગમાં મહેશભાઈ કસવાલા સાથે સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, સાવરકુંડલા ભાજપ અધ્યક્ષ જીવનલાલ વેકરીયા, જિ લ્લા પંચયતના સદસ્ય રાહુલભાઈ રાદડીયા, ભાજપ અગ્રણી લલીતભાઈ બાળધા, સરપંચ એસોસીએશનના પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, તાલુકા પંચાયતના સદસ્ય પ્રમોદભાઈ રંગાણી, તાલુકા પંચાયતના અધ્યક્ષ જીતુભાઈ કાછડીયા, તાલુકા પંચાયતના પૂર્વ અધ્યક્ષ મનુભાઈ ડાવરા, સોશ્યલ મીડિયા કન્વીનર સતીશ મહેતા, સરપંચો અને દેવદુર્લભ કાર્યકર્તાઓ, આગેવાનો જોડાયા હતા. તેમ "અટલધારા" કાર્યાલયની યાદીમાં જણાવાયું હતું.

## અમરેલીનાં કથાકાર કેયુરભાઈ જોષીનું યુવા વયે હાર્ટ એટેકથી મોત

અમરેલી, તા.૨૭

અમરેલી શહેરની ક્રિષ્નાપાર્ક સોસાયટીમાં રહેતા એક બત્રીસ વર્ષના કથાકાર નું આજે બપોરે હાર્ટ એટેકથી મોત નીપજતાં એક માસુમ બાળકી એ પિતાની અને પત્નીએ પતિની છત્રછાયા ગુમાવતા ભારે શોકનો માહોલ છવાયેલ હતો. પ્રાપ્ત વિગત મુજબ આજે અમરેલી શહેરમાં કારમી ગરમીમા ચક્કરગઢ રોડ ઉપર આવેલ ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતા અને કથાકાર તેમજ કર્મકાંડનો વ્યવસાય કરતા કેયુરભાઈ જગદીશભાઈ જોશી ઉ.૩૨ આજે બપોરના સમયે કર્મકાંડ નું કામ કરી ઘરે આવેલ હતાં.ઘરે આવી જમીને સુતા હતા તે અરસામા હાર્ટ એટેક આવેલ હતો.જે પ્રાણઘાતક નીવડેલ હતો.જમીને સુતાબાદ પથારીમાજ પ્રાણ ઉડી ગયેલ હોવાનું મૃતક ના ભાઈએ જણાવેલ હતું.કથાકાર અને કર્મકાંડ નો વ્યવસાય કરતા બ્રાહ્મણ યુવાન ના મોતથી ચાર વર્ષની માસુમ બાળા એ પિતાની અને પત્નીએ પતિની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે આક્રન્ડ છવાયેલ હતો.

## દામનગર ગુરુકુળનું ગૌરવ

દામનગર, તા. ૨૭

સહજાનંદ એજયુકેશન ટ્રસ્ટ દામનગર સંચાલિત યુ.એમ. અજમેરા હાયર સેકન્ડરી સ્કૂલ દામનગરની ધોરણ ૧૨ સાયન્સની વિદ્યાર્થીની કુ. પરિન્દા કનુભાઈ પરમાર દેશની અગ્રગણ્ય IIT, NIT જેવી પ્રિમીયમ ટેકનીકલ સંસ્થાઓમાં એડમીશન લેવા માટે જરૂરી એવી JEE Mains એન્ટ્રન્સ એકઝામમાં ૭૯.૭૫ પી.આર. સાથે ઉર્તિણ થયેલ છે. અઘરી ગણાતી JEE Mains ની પરીક્ષામાં ઉતીર્ણ થઈ JEE Mains એડવાન્સ પરીક્ષા માટે કવોલીફાઈડ થનાર પરીન્દાને શાળાના આચાર્ય તેમજ શાળા પરિવારે બિરદાવી ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય એ છે કે પ્રથમથી જ સરકાર શાળામાં અભ્યાસ કરનાર આ તેજસ્વી વિદ્યાર્થીનીએ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં પણ ૯૪ % સાથે તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.




''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


























# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ
તા.૨૮-૦૪-૨૦૨૪

## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૮૨ વર્ષ ૧૯૬૧**

**કભી તનહાઈયાઓ મે યુ .. હમારી.. યાદ...આએગી... અંધરે છાં. રહે. હોંગે.. એર બીજલી... કેંધ જાયેગી**

**પ્રિય વાચક મિત્રો,**




૧૯૬૧ના વર્ષની ફિલ્મ સફરમાં આપણે પહોચી ગયા છીએ, ગત અંકમાં હિન્દી સિનેમાના મશહૂર અભિનેતા શશિ કપૂર, સંગીતકાર આર.ડી.બર્મન, અને દેવેન વર્મા વિષે જાણ્યા બાદ આ અંક માં ૧૯૬૧ના વર્ષમાં હિન્દી સિનેમામાં પ્રવેશ કરનાર નામાંકિત અભિનેત્રીઓના થોડા ટૂંકા પરિચય બાદ ફિલ્મની જાણકારી મેળવીશું.

સાયરા બાનુ – સાયરા બાનુનો જન્મ ૨૩ ઓગષ્ટ-૧૯૪૪ના રોજ મસુરી ઉતરા ખંડમાં થયો, તેઓના પિતા મિલન એહસાન ઉલ હક હતા અને માતા નસિમબાનુએ ૧૯૩૫ના દસકની સફળ અભિનેત્રી હતા, તેમણે તેના બચપણના સાથી એહસાન સાથે શાદી કરી હતી, અને તાજમહાલ પિકચરની સ્થાપના પણ કરી, તેમને બે બાળકો થયા, પુત્રી સાયરા અને પુત્ર સુલ્તાન અહમેદ, ભારત ના ભાગલા થયા અને બન્ને પતિ પત્ની વચ્ચે પણ ભાગલા થઈ ગયા, નસિમ નાપતિ પાકિસ્તાન રેહવાનો આગ્રહ કરતાં હતા, જયારે નસિમ ભારતમાં રોકાઈ ગયા, ત્યારબાદ તેઓ તેમના બાળકોને લઈ ઈંગ્લેન્ડ જતાં રહ્યા, બન્ને બાળકોનો અભ્યાસ ત્યાં જ થયો. સાયરાબાનુને કથક અને ભરત નાટયમમાં રૂચિ હતી, તેઓ એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને ફિલ્મી નિર્માતા નિર્દેશકોની નજરમાં વસી ગયા હતા, પણ નસિમ તેને હજુ ફિલ્મોમાં લાવવા માંગતા ના હતા, સાયરા બચપણથી આભનેતા દિલિપ કુમારના પ્રસંસક હતા. અને તે ચાહના તેમને હિન્દી સિનેમામાં ઝડપથી લઈ આવી. સુબોધ મુખર્જી શમ્મી કપૂર સાથે એક રંગીન રોમાંટિક ફિલ્મ બનાવવા જઈ રહ્યા હતા, જેમાં તેમની ઈચ્છા એક નવોદિત અભિનેત્રીને ચમકાવવાની હતી, અને માત્ર ૧૬ વર્ષની વયે સાયરાને ફિલ્મ જંગલી માટે કરાર બધ્ધ કરવામાં આવ્યા તે ફિલ્મ સુપર હિટ રહી, ત્યારબાદ સાયરાને સફળતા મળતી રહી, અને દિલિપથી લઈ અમિતાભ અને વિનોદ ખન્ના જેવા કલાકાર સાથે તેમણે કામ કર્યું, તેમનો અભિનય અને સુંદરતાથી તેઓ સફળ અભિનેત્રી સાબિત થયા. તેમના અંગત જીવનમાં જોઈએ તો તેમણે તેમનાથી બમણી વય એટલે કે તેઓ બાવીસ વર્ષના હતા, અને દિલિપ કુમાર ચુમાલિશ વર્ષના છતા તેમની પ્રત્યેની ચાહનાના લીધે શાદીના બંધનથી જોડાયા હતા, તેઓ હાલ ૭૯ વર્ષની વયે તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે.

તનુજા – અભિનેત્રી શોભના સમર્થની મોટી પુત્રી નુતન હિન્દી સિનેમામાં પ્રથમ નંબરની અભિનેત્રી ૧૯૬૧માં થઈ ગયા હતા. ત્યારે તેમની બીજી પુત્રી તનુજાએ ૧૯૬૧માં હિન્દી સિનેમામાં પ્રવેશ લીધો. તનુજાનો જન્મ ૨૩ સપ્ટેમ્બર ૧૯૪૩ ના રોજ મુંબઈમાં થયો હતો, તેમના પિતા કુમાર સેન સમર્થ અને માતા શોભના સમર્થ છે. તેઓ એ ૧૯૫૦ની સાલમાં હમારી બેટી ફિલ્મ દ્વારા બચપણના પાત્રોથી અભિનય યાત્રા શરૂ કરી હતી, તેઓ ૧૯૬૦માં છબીલી ફિલ્મ દ્વારા હિન્દી સિનેમામાં પ્રવેશ લેવાના હતા, પણ તે ફિલ્મ સમય મુજબ પ્રદર્શિત થઈ ના શકી અને કેદાર શર્મા તેમના પુત્ર અશોક શર્માને હિન્દી સિનેમામાં પ્રવેશ કરાવા માટે ફિલ્મ હમારી યાદ આએગી બનાવી જેમાં તનુજાને અભિનેત્રી તરીખે પસંદ કરાયા હતા, તનુજાને સફળતા ૧૯૬૭ની ફિલ્મ જવેલ થિફથી મળી હતી. તેમની યાદગાર ફિલ્મ હાથી મેરે સાથી રહી હતી. તનુજા અને નુતનને અભિનય વારશામાં મળ્યો છે, દાદી રતન બાઈ માતા શોભના સમર્થ જાણીતી અભિનેત્રી હતા, અને નલિની જયવંત જે પ્રથમ નંબર ના અભિનેત્રી ૫૦ ના દસકમાં હતા તે તેમનં પિતરાઈ બહેન છે. શોમું મુખર્જીએક જાણીતા નિર્માતા નિર્દેશક છે, તનુજા એ તેમની સાથે ૧૯૭૩માં લગ્ન કર્યા જાણીતી અભિનેત્રી કાજોલએ તનુજા અને શોમુંની પુત્રી છે, તેમની બીજી પુત્રી તનિશા પણ અભિનેત્રી છે. હાલ તેઓ ૮૦ વર્ષ ની વયે પરિવાર સાથે જીવન જીવી રહ્યા છે.


બી. સરોજા દેવી – સરોજા દેવીનો જન્મ ૭ જાન્યુઆરી ૧૯૩૮ના રોજ બેંગલોરમાં થયો, તેઓ દક્ષિણની ફિલ્મોના નામાંકિત અભિનેત્રી હતા, ૧૯૬૧માં આવેલ ફિલ્મ સસુરાલએ તેમની પ્રથમ હિન્દી ફિલ્મ રહી હતી તેઓ જેમની ગણેશન સાથે તેમણે દક્ષિણની ઘણી ફિલ્મો કરી હતી, હિન્દી સિનેમામાં તેમણે ઓછી પણ સારી ફિલ્મો કરી છે, ૧૯૬૭ માં તેમણે શ્રી હર્ષનામના એંજિનિયર સાથે લગ્ન કર્યા હતા. હાલ તેઓ ૮૬ વર્ષની વયે પરિવારિક જીવન પસાર કરી રહ્યા છે.હમારી યાદ આયેગી- કેદાર નાથ શર્મા એટલે ૧૯૩૦ના દસકથી લઈ ૧૯૬૦ના દસક સુધીના નામાંકિત નિર્માતા નિર્દેશક તરીકે ખ્યાતનામ થયેલ સફળ કલાકાર. તેમણે હિન્દી સિનેમાને દિલિપ કુમાર, રાજ કપૂર અને મધુબાલા જેવા મહાન કલાકારો આપ્યા, ૧૯૬૧માં તેમણે તેમના પુત્ર અશોક શર્માને હિન્દી સિનેમામાં પ્રવેશ કરાવવા માટે ફિલ્મ બનાવી હમારી યાદ આયેગી શો પીપલ્સના બેનરમાં કેદાર શર્માના નિર્માણ અને નિર્દેશન માં, ડી.સી.મેહતાની સિનેમા ઓટો ગ્રાફી, પી.એ.ગોખલેનું અડિટિંગ, સ્નેહલ ભાવસારનું સંગીત અને



કેદાર શર્માના લખેલ ગીત અને અશોક શર્મા, તનુજા, માધવી, અનંત કુમાર, રાજેન્દ્ર દુબેય, વિજય અને શાંતિ થી અભિનીત ફિલ્મ હમારી યાદ આયેગીએ સફળ ફિલ્મના રહી, પણ મુબારક બેગમના સ્વરમાં ગવાયેલ ગીત.. કભી તનહાઈયો મે યુ હમારી યાદ આયેગી.. થી યાદ કરાય છે. સ્નેહલ ભાવસાર આ ફિલ્મના સંગીત કાર હતા, અને આ ગીત માટે તેમણે લતાજીનો સંપર્ક કર્યો હતો, પણ લતાજીની ખાસિયત હતી કે તેઓ નવા સંગીત કારો સાથે ઓછું કામ કરતાં હતા, અથવા એમ કહો કે તેમની પાસે સમય ના હતો, કારણ ગમે તે હોય પણ લતાજીએ ગીતને સ્વર આપવાની ના કહી, ત્યારબાદ આ ગીત મુબારક બેગમ પાસે સ્વરબધ્ધ કરાયું અને એક ઈતિહાસ બની ગયું. મુબારક બેગમએ સારા ગાયિકા હતા, તેમનો જન્મ ૫ જાન્યુઆરી ૧૯૩૬ના રોજ રાજસ્થાનના સુજન ગઢમાં થયો હતો, તેઓ હિન્દી સિનેમામાં ૧૯૪૯થી સક્રિય હતા, તે સમય લતાજી પણ હિન્દી સિનેમામાં નવા ગાયિકા હતા, તે સમયે શમસાદ બેગમ અને સુરૈયાનો ગાયિકા તરીકે ઝમાનો હતો, તેમનો સ્વર તીણો હતો, અને મુબારકણો સ્વર થોડા ઘણા અંશે તેમને મળતો આવતો હતો, પણ લતાજીએ તે સમયે મુલાયમ સ્વર આપ્યો અને લતાજી વધુ સફળ થયા, પણ મુબારક પણ સફળ ગાયિકામાં સ્થાન પામ્યા હતા, પણ નસીબ તેમને વધુ સાથ આપતું ના હતું, તેમના ગાયેલા ગીતો વધુ લોકપ્રિય થતાં ના હતા, ફિલ્મ મધુમતીના ગીત હમ હાલે દિલ સુનાયેંગે.. થી તેમની નોંધ લેવાઈ હતી, પણ સ્નેહલ ભાવસારના સંગીતમાં કભી તનહાઈઓ મે યુ હમારી યાદ આયેગી.. ગીતે તેમને જબરદસ્ત લોકપ્રિયતા અપાવી હતી. ફિલ્મની કથા એવી છે કે, અશોકને ઉદેપુરમાં નોકરી મળે છે, પણ રેહવા માટે ઘર મળતું નથી, માધવી એક યુવાન વિધવા છે, તે રોજગારી માટે તેનું ઘર ભાડે આપવા માંગે છે, પણ તે પરિવાર ધરાવતા વ્યક્તિને ભાડે મકાન આપવા માંગે છે, અશોક ઝૂઠું બોલી મકાન ભાડે રાખે છે, પણ સત્યની જાણ થતાં માધવી નારાઝ થાય છે, પણ અશોક પર તેના પરિવારના ભરણ પોષણની જવાબદારી છે, જાણી અને તેના નિર્દોષ સ્વભાવથી તેને રેહવા દે છે, પણ માધવી ના પરિવારના લોકોને એક યુવાન વિધવા સાથે કોઈ યુવક રહે તે પસંદ નથી. અશોકની મુલાકાત તનુજા સાથે થાય છે, જે અત્યંત ગરીબ છે અને તેના ભાઈ સાથે ગરીબીમાં જીવન પસાર કરે છે. તનુજાને મદદ કરતાં અશોક સાથે તેને પ્રણય થઈ જાય છે, પણ તનુજા હમેંશાધનિક લોકોથી પ્રભાવિત હોય છે, અશોકના ઉપરી અધિકારી જે ખુબજ અમીર છે, તો તનુજા અશોકને છોડી તેની સાથે જતી રહે છે, આઘાતમાં અશોક બીમાર થઈ જાય છે, માધવી તેને ઘર લઈ આવે છે, તનુજાને પણ અમીર હવસ ખોર કરતાં, ગરીબ અશોકનો પ્રેમ વધુ સારો લાગે છે, માધવી જે મનોમન અશોકમાં નવો જીવન સાથી શોધતી હોય છે, પણ સમાજને અનુલક્ષી કહી સકતી નથી, અશોક તનુજાના પ્રેમથી ઘાયલ છે, અને આઘાતથી તે તનુજા તેને મળવા આવે તે પેહલા તે આ દુનિયા છોડી દે છે,માધવી એક સામાજિક રીત ના લીધે અશોકને મેળવી સકતી નથી અને અશોક તનુજાના પ્રેમમાં તડપી જીવન ખત્મ કરે છે, તેને પણ પ્રેમ મળતો નથી, તનુજાને પણ પ્રેમ પામવા જાય છે ત્યારે પ્રેમ મળતો નથી. આમ ફિલ્મ એક દર્દ ભર્યા અંત સાથે પૂર્ણ થાય છે. ફિલ્મ અને ફિલ્મના નાયક અશોક બને સફળ ના રહ્યા, અભિનેત્રી તનુજા આગળ જતાં સફળ અભિનેત્રી બન્યા હતા.આગામી અંકમાં ૧૯૬૧ના નાયક અને નાયિકા આની વાતો સાથે શશિ કપૂરની સફળ ફિલ્મની વાત કરીશું. આભાર.


# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

## જલપાન (જળમાં મળ નો હોય ) ભાગ-૩



ડો. ભાવેશ કે. મહેતા
અમરેલી

જલપાનના આજના અંતીમ ભાગમાં આપણે લોકોના મનમાં પાણી બાબતે રહેલી




ગેરસમજણને દુર કરવાનો પ્રયત્ન કરીશું.




હું મારા મિત્ર સાથે થોડા સમય પહેલા ગીર જંગલમાં સિંહ જોવા ગયેલો, મિત્ર સાથે તેના મહેમાન પણ અમારી સાથે આવેલા (મહેમાન આમ તો મુળ અહીંના વતની છે, પણ વ્યવસાયને કારણે મુંબઈ સ્થાયી થયેલા છે), અમે જંગલમાં ખુબ ફર્યા પણ સિંહદર્શન ન થયા, ત્યારબાદ ત્યાંથી ચરની ખોડીયાર ગયા મહેમાનને ખુબ પાણીની તરસ લાગેલી, ચરની ખોડીયારમાં ડંકી હતીને થોડું ડંકી ને શીષ્યે તો ખુબ પાણી આવતું હતુ, મે પેટ ભરીને પાણી પીધું, મહેમાનને કહ્યુ આ પાણી ખુબ સરસ છે, તમે આ પાણી પીવો, મહેમાન કહે ના હું આવું પાણી પીવ તો બીમાર પડું, હું તો પેકેજીંગ મીનરલ વોટર જ પીવ છું, અમે ચરની ખોડીયારથી થોડા બહાર આવ્યા, ત્યા બહાર એક પતરાની કેબીનમાં થોડીક ખાવા – પીવાની છુંટક વસ્તુ મળતી હતી, મારા મીત્રએ ત્યા કેબીનમાં પુછયુ કે પાણીની બોટલ છે, એટલે કેબીન વાળાએ કોઈ અનામી કંપનીની પાણીની બોટલ આપી, અને મહેમાને તે હોશે – હોશે પાણી પીધુ.

થોડા સમય પહેલાનો મારી નજર સમક્ષ બનેલો બનાવ છે, હું અમદાવાદ કાલુપુર રેલ્વેસ્ટેશન હતો ત્યા, પાણીની બોટલ વેચવાવાળા છોકરાવ અને બહેનો એકસરખી જ પાણીની બોટલ વહેચતા હતા, મને થોડું આસ્ચર્ય થયુ કે નક્કી આટલામાં કોઈ આ પાણી બનાવી અને પેકીંગ કરી વહેચતા હશે, કાલુપુરમાં મારા એક મિત્ર વેપારી રહે છે, તે દિવસે આમેય તેમના ઘરે તેમના પપ્પાની તબીયત જોવા જવાનું હતુ, એટલે હું મારા મિત્રની કાલુપુરની દુકાને પહેલા ગયો ત્યાંથી અમે બન્ને તેના ઘરે જવાના હતા, મિત્રને મે પુછયુ કે આ રેલવે સ્ટેશને બધા ફેરીયા એક સરખી જ પાણીની બોટલ વહેચે છે તો આ પાણીનો પ્લાંટ આટલામાં કયાય નજીક જ છે ? મને કહે તારે આ પ્લાન્ટ જોવો છે, મે કહ્યુ નજીક હોય તો જાઈએ, તે મને ત્યા એક અંધારી, ગંદકી વાળી ગલીમાં લઈ ગયો જયા એક મોટો, ઢોરને પાણી પાવાનો અવેડો હોય તેવા અવેડામાં પાણી ભરેલુ હતુ, દશ – પંદર બહેનો ત્યા હતા તેમાં થોડા બહેનો કોથળામાંથી બોટલ કાઢી સાફ કરી એક બાજુ મુકતા હતા, બીજા ત્રણેક બહેનોએ ખાલી બોટલમાં એ અવેડામાંથી પાણી ભરતા હતા, બાજુમાં એક બોટલ બંધ કરવાનું મશીન હતુ, જેમાં આ ભરેલી પાણીની બોટલને સીલ કરતા હતા

| Level of TDS (milligrams per litre) | Rating |
|---|---|
| Less than 300 | Excellent |
| 300 - 600 | Good |
| 600 - 900 | Fair |
| 900 - 1,200 | Poor |
| Above 1,200 | Unacceptable |

અને બાકીના બહેનો તેમાં સ્ટીકર ચોટાડી અને ખોખામાં બોટલ ગોઠવતા હતા, મે મારા મિત્રને કહ્યુ આ પાણીને ફીલ્ટર કયા કરે છે ? મને કે કયાય નહી, આ સબમર્શીબલ પંપમાંથી સીધા આ અવેડામાં પાણી ભરે છે અને એ પાણી જ સીધુ બોટલમાં ભરે છે, અને આ બોટલ તે પાણી વહેચવા વાળાને પાંચ રૂપીયા લેખે આપે અને એ લોકો દશ રૂપીયામાં પાણી વહેચે છે, મોટા ભાગના ગામડામાં – બસસ્ટેશનો – રેલ્વેસ્ટેશનો – મેળામાં કે જયા ખુબ ભીડ હોવાની શકયતા હોય ત્યા આવી જ પાણીની બોટલ વહેચાતી હોય છે, આપણે પણ આવી જગ્યાએ હોય ત્યારે આ પાણી એકદમ શુધ્ધ હશે એવું વિચારી આ પેકીંગ વાળી બોટલો લેવાનુ જ વિચાર્યે છીએ.


આ વાત કહેવાનું કારણ એટલું જ છે કે સારી કંપનીનું પાણી કદાચ સારૂ અને શુધ્ધ હશે, પણ જયા ઘરે – ગામડામાં એકદમ શુધ્ધ બોરવેલ / ડંકીનું પાણી મળતુ હોય ત્યા આવી પેકીંગ વાળુ પાણી પીવાનો દુરાગ્રહ ખોટો છે.

**કેવું પાણી પીવું :**

‘શકય હોય તો વરસાદના પાણીનો બારેયમાસ સંગહ થઈ શકે તેવો ઘરે અંડરગ્રાઉંડ ટાકો તૈયાર કરાવી આ પાણી આખું વર્ષ પીવામાં વાપરવું. ‘સુર્યના પ્રખર તાપથી સમુદ્રનું પાણી ગરમ થાય છે અને વરાળરૂપે તે ઉંચે ચડે છે. એનાં વાદળા બંધાય છે અને પછી તે જ પાણી પૃથ્વિ પર પડે છે.રામાયણમાં આ વાત કાવ્યની ભાષામાં નીચે મુજબ દર્શાવી છે;

‘નવમાસધૂત' ગર્ભ ભાસકરસ્ય ગમસતિમિ : ।
પીતવા રસ' સ્મુદ્રરાણા ઘૌ : પ્રસુતે રસાયણ ।

સુર્યના કિરણોથી સમુદ્રનું જળ પીને આકાશરૂપી સ્ત્રી નવ માસ સુધીએ પાણીને ધારણ કરી રાખી પછી રસાયન જેવા – અમ્રૃત જેવા – જળ (ગર્ભ)ને જન્મ આપે છે. સ્ત્રી જેમ નવ માસ સુધી ગર્ભધારણ કરી રાખી દશમા મહિને એને બહાર કાઢે છે તેવી જ રીતે કારતકથી અષાઢ સુધીના નવ



મહિનામાં એકઠું કરેલું જળ મેઘમાં (અષાઢ) છોડે છે, કવિ એને રસાયન કહે છે, કારણ આ અંતરીક્ષ જળ અમ્રૃત જેવું જીવનપ્રદ છે, ચરકે આથી કહ્યુ છે કે ‘આંતરીક્ષ ઉડકાનામ' બધી જાતના જળોમાં અંતરીક્ષ જળ – આકાશમાંથી પડેલું જળ શ્રેષ્ઠ પથ્યકર છે. આવા પાણીને ઝીલી લેવું જોઈએ, પછી સુવર્ણ, ચાંદી, તાંબુ, માટી વગેરેના પાત્રોમાં ભરી રાખવું જોઈએ. આસો મહિનાના – છેલ્લા વરસાદનું પાણી ઝીલી લઈને તે પીવામાં લેવું જોઈએ; કારણ, ત્યારે આકાશ જળથી ધોવાઈ – ધોવાઈને ખુબ જ નિર્મળ બનેલું હોય છે. આસોમાં પડેલું પાણી – દિવ્ય જળ – પીનારા ખરેખર ભાગ્યશાળી હોય છે.

**‘ભોજન સમયે પાણી પીવાના નિયમો:**

ભોજન પચી ગયા બાદ (ખાધા પછી બે – ત્રણ કલાકે) પાણી પીવાથી શરીરમાં શક્તિ – બળ આવે છે. ભોજન કરતાં કરતા પાણી પીવાથી એ અમ્રુત જેવું કામ કરે છે, ખાતા પહેલા પાણી પીવાથી જઠરાગ્નિ માંદ્ય થાય છે(ખાવાનુંપચતુ નથી), જયારે ભોજન કરી તરત વધુ માત્રામાં પાણી પણ અહિતકર છે.

**પાણી માટેના સામાન્ય નિયમઃ**

‘તરસ લાગે ત્યારે પાણી પીવું, આપણો વિસ્તાર ગરમ અને ક્ષાર વાળો હોવાથી થોડી વધુ માત્રામાં પાણી પીવું.‘શકય હોય તો ચોમાસાનૂં સંગ્રહ કરેલુ પાણી એકત્ર કરી રાખી અને તેનો ઉપયોગ કરવો આવું અનુકુળનો થાય તો ફીલ્ટર કરેલું (આર.ઓ વાળું નહી) કે ઉકાળેલું પાણી પીવું.‘ જમ્યા પહેલા કે જમ્યા પછી તરત વધારે માત્રામાં પાણીનો પીવું, જમવામાં વચ્ચે પાણી પી શકાય આપણે ત્યા મોટાભાગે જમવા સાથે છાશ કે દુધ હોય છે એટલે વચ્ચે પાણી પીવાની જરૂર રહેતી નથી.‘બહાર જાવ ત્યારે શકય હોય ત્યા સુધી ઘરેથી પાણી લઈ જવાનો આગ્રહ રાખવો શકય હોય ત્યા સુધી પેકેજીંગ બોટલનો ઉપયોગ ટાળવો ‘પાણી બેઠા – બેઠા કે ઉભા – ઉભા પીવો કોઈ ફર્ક પડતો નથી, હા નિરાંતે પીવું જોઈએ.‘ સવારે ઉઠયા બાદ અને રાત્રે સુતી વખતે ખાસ પાણી પીવું જ જોઈએ, જેથી શરીરની કચરો બહાર કાઢવાની સિસ્ટમ બરાબર કામ કરે.‘ ફ્રીઝના પાણી કરતાં, માટલામાં ઠંડુ થયેલુ પાણી પીવામાં આવે તો વધુ સારૂ, ખાસ કરીને દરેક સરકારી ઓફીસોમાં એક માટલું મુકવાની મને ખાસ જરૂરીયાત લાગે છે, અને પાણી ભરવા માટે ડોયા વડે જમાટલામાથી પાણી લેવાઈ તેવી વ્યવસ્થા દરેક ઘરે અને ઓફીસોમાં થવી જોઈએ.

‘અને હા સેથી અગત્યનું જળ એ જ જીવન છે માટે પાણીનો બગાડ ન થાય તે ખાસ જોવું જોઈએ.

# ૨૪ એપ્રિલ, ‘મહિલા અધિકાર દિવસ’

૨૪ એપ્રિલ, ૧૯૯૩નાં રોજ ભારતનાં રાષ્ટ્રપતિ દ્વારા ૭૩માં બંધારણ સુધારાને મંજૂરી આપવામાં આવી હતી. આ સુધારા દ્વારા ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં મહિલાઓ માટે ૧/૩ અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી હતી તેથી આ દિવસને દર વર્ષે "મહિલા અધિકાર દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ સુધારાનો મુખ્ય હેતુ સ્થાનિક સ્વરાજમાં મહિલાઓના પ્રતિનિધિત્વ અને ભાગીદારીને સુનિશ્ચિત કરવાનો તેમજ સમાજમાં મહિલાઓનાં યોગદાનને માન્યતા આપવી અને તેમને સમાનતા અને ન્યાય મેળવવા માટે અશકત બનાવવાનો છે. મહિલાઓને અશકત બનાવવા અને તેમને રાજકીય પ્રક્રિયામાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે આ પ્રકારનો સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારાના પરિણામે પંચાયતોમાં મહિલાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય છે. "મહિલા અધિકાર દિવસ" ભારતમાં મહિલા સશકિતકરણના મહત્વને યાદ અપાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓના જીવનમાં સુધારો લાવવામાં આ પ્રકારનાં સુધારા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. મહિલા સશકિતકરણ પહેલ દ્વારા ગ્રામીણ મહિલાઓને આર્થિક તકો, કુશળતા વિકાસ અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગીદારી મેળવવા માટે સશકત બનાવવામાં આવે છે. આનાથી ગ્રામીણ પરિવારો અને સમુદાયોના કુલ આર્થિક અને સામાજિક વિકાસમાં સુધારો થાય છે.સ્ત્રી એ પરિવારનો પાયો છે. તે માતા, પત્ની, બહેન, દીકરી તરીકે મહિલાઓ પ્રેમ, લાગણી અને સંસ્કારો દ્વારા પરિવારને એકસૂત્રમાં બાંધી રાખે છે. તે પરંપરાઓ, રીત-રિવાજો, કળા અને શિક્ષણનું જતન કરીને સમાજની સંસ્કૃતિને આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મહિલાઓને શિક્ષિત અને અશકત બનાવવું એ સમાજનાં સર્વગ્રાહી વિકાસની પ્રક્રિયામાં મહિલાઓને શિક્ષિત કરી સમાજમાં જાગૃતિથ લાવવી, મહિલાઓને કાયદાઓનું જ્ઞાન આપવુંઅને કાયદાઓનુ જ્ઞાન આપવું અને કાયદા પાલન સમજાવવું, સ્ત્રી અને પુરુષ બંને માટે સમાજમાં સમાન તકો ઉભી કરવી સમાજમાં અને આ થકી સમાજમાં પરિવર્તન લાવવું વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

# "હાસ્ય ધર્મથી ‘તહેવારો અને ઉત્સાહ‘ને વધાવીએ."...

સૌ પ્રથમ તો અમારૂ ગ્રુપ બધાને નવા વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવે છે. આ નવું વર્ષ તમને બધી જ રીતે ફળદાયી નીવડે તેવી ઈશ્વરને પ્રાર્થના.

અમારા ગ્રુપમાં તહેવારોની વાતો નીકળી ત્યાં તો બે ચાર મિત્રો એકી સાથે બોલી ઉઠયા કે તહેવારો જ જીવનના ઉત્સાહ ખુશી લાવે છે ને નવી તાકાત પણ લાવે છે.સૌને નવા વર્ષના વધામણાં સાથે તહેવારોની ખૂબ ખૂબ શુભ કામનાઓ. તહેવારોનો સંબંધ છે ઉત્સાહ સાથે, ઉમંગ સાથે, ઉત્સાહ જીવનમાં જોમ ભરી દે છે,નવી શરૂઆત કરવાનો જુસ્સો જગાવી દે છે અને પછડાયા પછી ફરી બેઠા થવાની હામ ભીડી દે છે.અતિ સફળ એવી પાંચસો વ્યક્તિને એમની ઝળહળથી સફળ તાનું રહસ્ય પૂછવામાં આવ્યું.એમને એકસો પ્રશ્ન પૂછવામાં આવ્યા, જેના જવાબ પરથી એમની સફળતાનું રહસ્ય શું હાથ લાગ્યું એ તમે કલ્પી શકો છો ? પૈસા ? વગ? બાપ દાદાની શાખ ? પસંદગીનું ક્ષેત્ર ? ના, ઉપરની એકેય વસ્તુ નહીં તળિયેથી ટોચ પર પહોંચેલા આ સફળ લોકોના જવાબ પરથી ખબર પડી કે એમને સફળતામાં એમના શિસ્તમય જીવનમાં ત્રીસ ટકા જ્ઞાનનું વીસ ટકા અને સૌથી વધુ ઉત્સાહનો ચાલીસ ટકા તો એના ફળ સ્વરૂપ પરસ્પર સંબંધોનો હિસ્સો હતો દસ ટકા આમ સફળતા મેળવવા માટે ઉત્સાહનું આટલું મહત્વ છે. કહેવાય છે કે એક માણસને ત્રીસ મિનિટ માટે ઉત્સાહ હોય, બીજા ને ત્રીસ દિવસ માટે ઉત્સાહ હોય પરંતુ જેમને ત્રીસ ચાલીસ કે એંશી વર્ષ માટે ઉત્સાહ હોય એ પોતાના જીવનને ચોક્કસ સાર્થક બનાવે છે ઉત્સાહ એક એવું પ્રેરક બળ છે જે ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યને વળગી રહેવાનું ઈંધણ પૂરૂ પાડે છે. જહાજમાં રહેલા પ્રોપેલર કે યાંત્રિક પંખાનું કામ જહાજને આગળ લઈ જવાનું હોય છે એ જ રીતે ઉત્સાહ પણ એક એવું આગે કુચ માટેનું બળ છે જે સફળતાની સીડી ચડવા માટે જરૂરી છે એક સાધારણ વિદ્યાર્થી, વેપારી, ઉદ્યોગપતિ, ગૃહિણી કે કર્મચારી અને એક સફળ વિદ્યાર્થી, વેપારી, ઉદ્યોગપતિ,ગૃહિણી કે કર્મચારી વચ્ચે કોઈ ફરક હોય તો એમનામાં રહેલા ઉત્સાહનો છે. પ્રસારણ સિદ્ધિ ઉત્સાહ વગર કદી પ્રાપ્ત થતી નથી તહેવારોમાં ચડેલી ઉત્સાહની હેલીને જીવનનો એક હિસ્સો બનાવી દેવામાં આવે તો સપના સાકાર થવા સહજ બની જાય.જોયું ને ! તો પછી રાહ કોની છે આજથી જ તહેવારો નવું વર્ષ શરૂ થયા છે તહેવારોને ઉમંગ ઉલ્લાસથી વધાવીએ અને ઉતમ સંકલ્પો લઈએ અને જીવનમાં ઉત્સાહ પણ વધારતા રહો.હસતા રહો,હસાવતા રહો.-

**ડો.મયૂર દવે.(પ્રિન્સિપાલ સરસિયા હાઈસ્કૂલ)**

# રામધાટ કહં કીન્હ પ્રણામા, મા અનમગન મિલે જનુ રામા ।

રામ પયોદ્રહિ પાંથ લિધાઉ હમ કહ રથ ગજ વાજિ ચનાર્યે

ગમે તેવા શ્રીમંત હોય તો મારે શું? જો કે હંમેશા ભગવાન પણ આ વાતને ટેકો આપતા. તેથી જ તો પોતે પણ બોલાવતા નહીં પરંતુ જીવ કોઈપણ શકિતના નશામાં ડુબેલો હોય છે ત્યારે તે નશાના મદથી કોઈનો તિરસ્કાર, અપમાન કે કટાક્ષ કરતા અચકાતો નથી અને તે પણ ભુલી જાય છે કે મારા પણ આ દિવસો હંમેશા રહેવાના નથી. ભગવાન પાસે આવતા ઘણા શ્રીમંતો કે ગરીબોની સ્થિતિ પલ્ટો ખાતાં જોઈ છે. અને એ તો નિશ્ચિત છે. જ કે રાત ત્યાં, દિવસ અને દિવસ ત્યાં રાત, સુખ, દુખ જોડાયેલા જ છે માટે જ કહેવાય છે, "શું તવંગર શું કુબેરો, ગર્વ સહુનો તુટશે. આજ તો ફુટી છે. પ્યાલી, કાલ કુંજો ફુટશે, 'શ્રીમંતાઈના નશામાં જીવ ગરીબોને સતાવતી વખતે વિચાર નથી કરતો. ગરીબ એટલે ધનથી જ નહી જે સ્વભાગથી નરમ છે. આવા પ્રસંગો વિશે ભગવાનના શબ્દો સાંભળવા મળતા, 'દેખો ગરીબકો ન સતાવ. ગરીબ કયા કરેગા રો દેગા લેકિન ઉસકા માલિક સુનેગા તો તુમ્હે જડ મૂલસે ખોદેગા."

ગોસ્વામી શ્રી તુલસીદાસજીના શબ્દો.

તુલસી હાય ગરીબકી, કબહૂં ન ખાલી જાય
મુયે ઢોરકે ચામસે, લોહા ભસ્મ હો જાય.

ભગવાનની પરમાકૃપાથી આવા પ્રસંગો બનતા શીખવા મળે છે કે કદી પણ કોઈ જીવને હલ્કા માની તન, મન કે વચનથી દુઃખ થાય તેવં વર્તન ન કરવું કારણ કે આ પણ એક રીતે હિંસા જ છે. પરહિત સરિસ ધર્મ નહિ ભાઈ, પરપીડા સમ નહિ અધમાઈ જીવન ઘડતર અર્થે એટલા જ માટે દુઃખ જરૂરી છે કારણ તેમાંથી પસાર થયા વિના બીજાના દુઃખને સમજી શકાતું નથી એટલે જ કહેવાય છે કે બટેટા બફાયા વિના મીઠાં થતાં નથી. ભગવાનના ચરણમાં પહોચ્યા પછી તો બધી ક્રિયા પ્રયોગાત્મક રીતે જ શીખવા મળે છે. આવી ઘટના વિષે એકવાર મેં ભગવાનને કહેલું, 'ભગવાન, વાહી વ્યકિત જયપુર આતે હૈ તબ આપ મુઝે ઉનકા પુરા ધ્યાન રખને કે લિયે કહતે હૈ. ઉનકે અનુકુલ વ્યવસ્થા હો સકે જહાં તક કરના ઐસી સૂચના ભી આપ દેતે હૈ. તબ આપકી આજ્ઞા અનુસાર મૈ આપકી સેવામેં સે સમય નિકાલકર યથાશકિત ઉનકા વિશેષ ધ્યાન રખનેકા પ્રયત્ન કરતી હું

રામગચન બન અનરથમુલા, જો સુનિ સકલવિશ્વ મઈ શુલા।

આપતો જાનેકે હૈ કિ ઘરમે મુઝે ઓર કિસીકી મદદ નહીં મિલતી ઔર જબ મૈં આપકે સાથ ઉનકે ઘર આતી હું તબ યે લોગ મેરે સાથ બોલતે ભી નહી. ઈસ કારણ વિચાર આતા હૈ કિ. કયાં આપ શ્રીમંતોકા હી ધ્યાન રખતે હૈ ઔર મેં હરપ્રકારસે ગરીબ હું ઈસલિયે મેરા નહી. કયોંકિ ઉનકે યહાં આપ ભી તો કુછ નહીં બોલતે હો." આ સાંભળી કુહેલું, 'દેખો રામ, ઐસી બાત નહીં હૈ મૈં સબ જાનતા હું દુઃખ ભી હોતા હૈ પર તુમ મેરી હો ઈસલિયે અપને યહાં આયે હુયે અતિથિકા।



# અહૈતુક કૃપા

## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૮૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

શકિતભર સ્વાગત કરના અપના ધર્મ હૈ વહ મેં તુમ્હે સિખાતા હું ઔર દુસરો કે યહાં અપની વ્યકિત કે લિયે ધ્યાન રખને કો તો મૈં ઉન્હે કૈસે કહ સકતા હું ?" આ સાંભળતા ખુબ સંતોષ થતો. હૃદય ભગવાનની પ્રેમાળ આત્મીયતા ભરી વાળી સાંભળી ગદ્ગદિત થઈ જતું. આ આત્મીયતા જ જીવનનો આધાર બની રહેતી. જામનગરથી મોટર દ્વારા ભગવાન પાછા વીરપુર જવાના હતાં. મને રાજકોટ થઈને જયપુર જવા કહેલું. મારો સામાન રાજકોટ હતો. તેથી અમે ત્રણ બહેનો રાતની ટ્રેનથી નીકળી વ્હેલી સવારે રાજકોટ પહોંચ્યા ટાંગામાં નિવાસ સ્થાને જતાં રસ્તામાં એક ભાઈ દ્વારા જાણવા મળ્યું કે ભગવાન તો આશ્રમમાં બિરાજે છે તેથી સીધા આશ્રમે ગયા. ભગવાનના દ્વારા બંધ હતા. સ્નાન કરી દરવાજા પાસે બેઠી હતી. લાવગથી પાછલા દરવાજેથી ઘણા લોકો અંદર જતા હતા તે ખબર નહોતી સાત વાગ્યે દરવાજો ખુલતાં દર્શન થયા. અને ભગવાનના ચહેરા પર નારાજગી જણાઈ. કારણ તો બહુ મોડું જાણવા મળ્યું કે તેમણે એક ભાઈને મારા નિવાસ સ્થાને મને બોલાવવા મોકલ્યા હશે એ વાતની મને ખબર નહોતી કારણ અમે સ્ટેશનથી સીધા આશ્રમે જ ગયેલા. ત્યાં જઈને પણ હું બહાર બેસી રહી તેથી ભગવાનને લાગ્યું અહી આવી ગયા છતાં મારી પાસે ન આવી અને બહાર બેસી રહી. ભગવાન મારા માટે જ રાજકોટ આશ્રમમાં રોકાયેલા તે બાબત હું અજાણી હતી. વીરપુર પધારતા હોવાથી ગાડીમાં બેસતાં કડક અવાજે કહયું, 'મન માને તબ જયપુર ચલી જાના." આવું વર્તન જોઈ દુઃખમાં વધારો થયો કે શું કારણ છે કે આ વખતે વીરપુર આવી ત્યારથી ભગવાનની પ્રસન્નતા જોવા મળતી નથી જાણે કે મારૂ જ મન જવાબ આપતું,

રામભકિરસ સિદ્ધિહિત, મા યહ સમય ગણેશ। બોલાવ્યા વિના આવી છું એટલા માટે ? ખેર ! હવે જયપુર જતી રહીશ અને બીજીવાર કદી બોલાવ્યા વિના નહી આવું. મારૂ મન દુઃખી જોઈ જેમને ત્યાં રહેતી હતી તેઓએ મને પરાણે રોકી રાખી જવા ન દીધી અને કહયું 'બે દિવસમાં ભગવાન અહી પાછા પધારવાના છે પછી તમે જજો બે દિવસ પછી ભગવાન પધાર્યા. આદશે પ્રમાણે જયપુર ન ગઈ હોવાથી દર્શને જતાં ડરતી હતી. સવારે દસ વાગ્યાથી પધાર્યા હોવા છતાં બપોરે એક વાગ્યે ભગવાને એક બહેનને પુછયું, 'રમા ચલી ગઈ ?' તેમણે વિગત જણાવી તેથી મને બોલાવી. રૂમમાં ત્રણ-ચાર જણા હતાં. ભગવાનને કહયું 'અચ્છા હુઆ નહી ગઈ. અબ યહાંસે મેરે સાથ સીધે ઓરિસ્સા ચલના. દેખો રમા, મૈ જાનતા હુંકિ વીરપુરમેં મૈને તેરે સાથ અન્યાય કિયા હે લેકિન કભી કભી જજ કો ભી જુઠા ન્યાય દેના પડતા હૈ ઔર જો અપના હો ઉસીકે સાથ તો અન્યાય કર સકતે હૈ તુમ દુઃખ ન લગાઓ. સબ ભુલ જાવ દેખો ઉડીસા જાને કે લિયે મૈ યહાંસે બમ્બઈ જાઉંગા ઔર બાદમે વહાંસે ઉડીસા. તુમ એસા કરો યહાંસે નાગપુર ચલી જાવ. મૈ બમ્બઈ સે નિકલકર તુમ્હે નાગપુરસે મેરે સાથ લે લુંગા."ભગવાન આદેશ પ્રમાણે રાજકોટથી નાગપુર મોટાભાઈને ત્યાં ગઈ (૭૧) ભકત વછલ પ્રભુ કૃપાનિધાનાઃ

ભગવાન મુંબઈ પધાર્યા થોડા દિવસો બાદ ભગવાનનો પત્ર આવ્યો.- શ્રી રામચંદ્રાય નમઃ

પ્રિય રમા તથા ધીરૂ સાદર આશીર્વાદ મૈ તતકાલ હી ઉડીસા જાનેકી કોશિષ કરતા હું તુમ સીધી ઉડીસા જાનેકા પ્રયત્ન કરના કયોંકિ મેરે સાથ કીષ્ના હૈ ઔર ગાડીમેં જગહ નહી. ઔર મૈં તુમારા વહાં પ્રબન્ધ કર દુંગા વહાં સે ગોંદિયા. રામભગતિ અવ અમિય ગધાહું, કીન્હેઉ સુલમ સુધા વસુધાહ ।રાયપુર હોતા હું આ રાજનાન ગાવ જાઉંગા ઔ વહાંસે કાલીહુણ્ડી જાઉંગા મેરે તારકી પ્રતિક્ષા કરના. મૈં અ નિકલતા હું નાગપુરકે જિતને ભી સ્વયંસેવક હો વહ તૈયાર રહે.ભગવાનનો આ પત્ર મળતાં હવે તો તારની પ્રતિક્ષા હતી. તે જ દિવસે સાંજે તાર આવ્યો. ભગવાન નાગપુર આવે છે. બીજે જ દિવસે નાગપુર પધાર્યા અને મને તે જ દિવસે ટ્રેનમાં જાડસુગડા જવા કહયું અને પોતે મોટર રસ્તે ગોંદિયા પધાર્યા. વહેલી સવારે જાડસુગડા પહોંચી ભગવાને આપેલા એડ્રેસ પર ગઈ. ત્યાં એકાદ દિવસ રોકાયા અને પછી ત્યાંથી બધા સાથે ઓરિસ્સામાં વીરમિત્રપુર ગામે ગયા. ઓરિસ્સામાં ભારે દુષ્કાળ હોવાથી ત્યારે તો થોડા સ્વયંસેવકો આવેલા. તેથી સોરડા ગામે પ્રથમ રસોડું ચાલું કર્યુ. આદિવાસી ક્ષેત્ર, વહાન વ્યવહારની વ્યવસ્થા ન હોવાથી ત્યાં સુધી ત્યાંના રહેવાસીઓને કોણ મદદ પહોંચાડે ? હંમેશા ભગવાન આવા જ સ્થાન પસંદ કરતા અને કહેતા. 'ભલે હમેં કઠિનાઈ હો પરંતુ જહાં કોઈ નહીં જાયેગે. વહા હમ જાયેંગે. "બહેનોમાં અમે ચાર પાંચ જણા જ હતા. ભગવાનની સાથે અમે પણ કયારેક સોરડા જતા. બાકી અમે લોકો વીરમિત્રપુરમાં ભગવાન પાસે જ રહેતા. તે વખતે રોજ બપોરે ભગવાન આરામમાં હોય ત્યારે તેમની પાસે બેસી નવાહન પારાયણ પાઠ મનોમન કરતી. એક દિવસ ભગવાન જાગ્યા ત્યારે પાસે કોઈ નહોતું તેમના ઈશારાથી બંડી પહેરાવતી હતી. તેટલામાં સ્હેજ ખાંસી આવતા બીજા બહેન પણ આવી ગયા. તેમની નારાજગી જોઈ ભગવાને મારા હાથ પર થપ્પડ મારી રહયું. 'હટો યહાંસે ચલી જા.' કારણ ખબર નહોતું ત્યાર પહેલા હું અનુભવતી કે ભગવાન મને કોઈ કામ બતાવતા નથી. મને દુર રાખે છે. પરંતુ તે બાબત બહુ વિચાર કરેલો નહી. આજનું વર્તન જોતાં ભગવાનને ચિઠ્ઠી લખી, 'ભગવાન, ક્ષમા માંગતી હું જો કુછ મેરી ગલ્તી હો ઉસકે લિયે. પરંતુ મેરી ગલ્તી મુઝે સમજમે નહી. આતી તો કૃપયા આપ બતાએંગે તો અચ્છા રહેગા કિ મૈં દુસરી બાર ઐસી કોઈ કિયા ન કરૂ જિસસે આપકી નારાજગી સહની પડે."ભગવાન બહાર ઓસરીમાં બિરાજતા હતા. ચિઠ્ઠી વાંચી થોડીવાર બાદ રૂમમાં જતાં પહેલા સામે ખુલ્લા ચોકમાં થોડે દુર મને બોલાવી કહયું. 'દેખો રમા, દુઃખ ન લગાના. તુમ નહીં જાનતી મેરા તુમારે પર. **(ક્રમશઃ)**

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

સૂરજ ઢળતા બસ... એમ લાગ્યા કરે... આભમાં પૂનમને દિલના દરવાજે અમાસ છે !

વહાલનો દરિયો હતો...રે ઓટમાં વહી ગયો...

હોડી, હલેસા, હવા, રેતી પણ ઉદાસ છે. સોનેરી સલાહ કડવો ઉપદેશ.

આપણી સંસ્કૃતિમાં ઘણા સરસ રિવાજો, વ્યવહાર છે. વ્યકિતનું મૃત્યુ પછી સન્માન આપવામાં આવે છે. શબવાહિનીનો રથ પસાર થતો હોય ત્યારે ભરે બજારે સૌ ઉભા રહીને મસીકે વંદન કરે છે. સ્વર્ગસ્થ વ્યકિતના સન્માન માટે વાહનો ઊભા રહી પ્રણામ કરે છે. છેલ્લી ક્ષણે-વિદાય વખતે ઈષ્ટ દેવના મંત્રો બોલાય છે. આ જીવને હવે કોઈ સાથે દુશ્મની નથી. રાય કે રંક શરીર છોડયું એટલે પડદો પડી જાય છે. છેલ્લા દશયમાં વિદાય આઘાતજનક બને છે. પાસુ સ્મરણ એક આખરી ઉપાય - દવા છે.

હોસ્પિટલનું દશય અત્યંત વસમું હોય છે. ઘણા દર્દીઓ અત્યંત પીડા અનુભવી રહયા હોય છે. ડોકટર શકય તેટલા ઉપાયો કરતા હોય છે. આયુષ્યની દોરી ઈશ્વરના હાથમાં છે પીડા યાતના ઓછી કરવાના ઉપાયો હવે ડોકટરો પાસે છે. અંતિમ ક્ષણ સુધી ડોકટર ઉપાયો સારવાર કરતા હોય છે. પરંતુ આખરે તો ઈશ્વરનું ધાર્યુ જે થવાનું હોય તે થાય છે. વિજ્ઞાન મેડીકલ સાયન્સ જીવ બચાવવા તમામ ઉપાયો કરતા હોય છે. અંતિમ ક્ષણ સુધી માનવ પ્રયત્ન કરવો જોઈએ. તબીબી સહયોગ સ્વજનોને આશ્વાસન હિંમત આપે છે. રોગ મટાડવા તમામ શકય ઉપાયો સો કરતા હોય છે.

મેડીકલ પરીક્ષણ નિષ્ણાંત અનુભવી ડોકટરોની સલાહ મુજબ સારવાર આગળ વધારવી જોઈએ. લાખો નિરાશામાં એક અમર આશા છુપાઈ છે. પરંતુ ડોકટર કહે કે હવે કોઈ ઉપાય બાકી નથી. ડોકટરોના અભિપ્રાય મુજબ દવા, સારવાર, ઉપાયો બંધ કરી શકાય છે પરંતુ ઈજેકશન આપીને મૃત્યુ તરફ ધકેલવાની જરૂર નથી. લાઈફ સપોર્ટ સિસ્ટમ બિનજરૂરી જયારે લાગે ત્યારે તે દૂર કરતા શરીર તે દૂર કરતા શરીર જીવવા માટે સક્ષમ હશે તો અને નહિં હોય તો તે નકકી કરવાનું કામ વિદવાન ડોકટરોનું છે. થાય તેવા ઉપાય આપણા ધર્મપાસે છે. પ્રાર્થના પ્રેમ પૂર્ણ સહયોગ જયાં પ્રેમ છે ત્યાં વેદના નથી. સ્જનોને આ બાબત ડોકરો આશ્વાસન આપી શકે. શ્રેષ્ઠ સારવાર પછી પણ પ્રભુ પાસે જવું પડે છે એ છે કે પ્રાર્થના.

મોટાભાગે એક સો



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

જાગરૂક સ્વજનોની સલાહ જરૂર લઈ શકાય. ડોકટરો સાથે આ અંગે પરામર્શ કરી શકાય છે. આ અતિ કપરી કસોટીની પળ છે. કસોટીની પળમાં હિ્મત ન હશે. એ ભજન યાદ આવે છે. દયા-મૃત્યુનો નિર્ણય આ અંગેનાં નિષ્ણાંતો જ લઈ શકે. દયા - મૃત્યુ બરાબર લાગતું હોય તો પણ ૨ દરેક કિસ્સામાં સાચું ન પણ હોય. સમાજ આજે દયા-મૃત્યુની તરફેણ કરે છે. તેથી આ નિર્ણય જે-તે દર્દીની ઉંમર રોગ, પરિસ્થિતિ આવ ઘણા પરિબળોને ધ્યાનમાં લેવા જોઈએ. કોઈ જજમેન્ટ આપી શકાય નહિ. આ અધિકાર અંગત સ્વજનોને છે. તેમાં ટીકા-ટીપ્પણ ન હોઈ શકે. પાછળથી કોઈ પસ્તાવો ન રહે તે બાબત અગત્યની બાબત છે.

ટી.વી.માં ફિલ્મ ચાલતી હોય અને તમારે કામ આવી ગયુ હોય એટલે આપ પાડી બંધ કરી શકો છો પરંતુ ઈન્ટેસીવ કેર યુનિટમાં શ્વાસ લેતી સિસ્ટમનો પ્લગ ખેંચી શકાય નહિ. દવા સપોર્ટ ન કરે શરીરે ન કરે બ્રેઈન કેડ જેવી સ્થિતિ સર્જાય ત્યારે આ પરિસ્થિતિમાં રસ્તો કાઢવા ઈશ્વરનું શરણું એ એક આખરી ઉપાય છે. આજે મૃત્યુ શચ્યા પર વ્યકિતને પીડા મુકત રાખી શકાય તેવા સાધનો ઉપલબ્ધ છે. હવે પીડામાંથી પસાર થવાનું વ્યકતિને ઓછું થઈ ગયું છે પરંતુ આસપાસ ઊભેલા સ્વજનોની પીડા દુઃખ ઓછું વરસ આસપાસ ઉંમર ધરાવતી વ્યકિત કોઈ રોગ ન હોય અને સ્વાભાવિક મૃત્યુના પથ પર હોય ત્યારે પીડાનો અનુભવ થતો નથી તેમ ઘણા નિષ્ણાતોનું કહેવું છે. ઘણા પ્રસંગો આ અંગેના વાંચ્યા છે. હું હંમેશા જયાં મરણ થયું હોય ત્યારે આવા પ્રશ્નો કરીને વિશ્લેષણ કરું છું છેલ્લા કલાકોમાં શું શું થયું ? ઘટના ક્રમની જાણકારી મેળવું છું. લગભગ જવાબો મળ્યા છે કે કશું જ નહિ. સ્વાભાવિક સુતા હોય તેમ કુદરતી રીતે કુદરતની પાસે જાય છે. મોટી ઉંમરના વ્યકિત પોતાનો જવાનો સમય જાણતા હોવાથી સ્વજનો પણ એ તૈયારીમાં હોય છે. મંત્ર જાપ સુંદર પ્રાર્થના સંગીત રૂમનાં ખૂણે ઘીનો દીવો વગેરે વાતાવરણને શ્રધ્ધા વિશ્વાસનું બળ આપે છે. રામ રામ ૐ નમ : શિવાય કે અન્ય ઈષ્ટદેવના મંત્રો આ વખતે સંબંધીઓને આત્મ બળ આપશે. હોસ્પિટમાં આવી ક્રિયાની મંજૂરી ન આપે તો ઘરે ,પ આવી પ્રાર્થના કરી શકાય. પ્રાર્થનામાં બળ છે. પ્રાર્થના ઔષધ છે. પ્રાર્થનામાં પ્રેમની શકિત છે. નિરંજન ભગતની પંકિતથી લેખ અધૂરો છોડીએ. એકબીજાને જીતશું રે ભાઈ, જાતને જાશું હારી

ધરતી આંગણ માનવીની આ ઘડીક મિલન વેળા ! આપણો ઘડીક સંગ કાળ ની કેડીએ !

# સમજણ એ જ નારાયણ

## 'શિલ્પીઓ કેરા કલામય ઘા સહન કીધાં વગર, કોઈ પથ્થર આપમેળે દેવ થઈ પુજાય ના'

- શુન્ય પાલનપુરી

તારીખ ૨૨/૦૧/૨૦૨૪ને સોમવાર ના શુભ દિવસે સમગ્ર ભારતમાં, અને વિશ્વભરમાં જાણે કે દીપાવતલીનો મહાઉત્સવ ઉજવાયો. અયોધ્યામાં ભગવાનશ્રી રામચંદ્રજીનો મુર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની દિવ્ય, ભવ્ય, રમ્ય લહેર સમગ્ર જગતમાં ફરી વળી ! જાયન્ટ સ્ક્રીન ઉપર અમરેલીના રામજી મંદિરના પટાંગણમાં શીતલ આઈસક્રીમ દ્વારા આયોજિત આ લાઈવ મહામહોત્સવને નીહાળ વાનો સવિશેષ લ્હાવો મળ્યો. નિશ્ચિત ચોઘડીયું અને એ અલૌકિક ક્ષણો જયારે આવી પહોંચી અને પ્રથમ જ વખત જયારે ભારતીય સંસ્કૃતિના, ભારતીય પ્રજાનાં પ્રાણપ્યારા ભગવાન શ્રીરામચંદ્રજીનું, ઝળાહળા, દૈદીપ્યમાન સ્વરૂપ નજર સામે આવ્યું. ત્યારે લાખો હૃદય જાણે કે ધબકારા ચુકી ગયાં. અરે પ્રથમ જ નરે મને ખુદને પણ આ અહેસાસ થયેલો. જેને વ્યકત કરવા લાખો લોકો પાસે -કોઈ શબ્દો ન હતાં. ફકતને ફકત સૌની આંખો જ બોલતી હતી. મુર્તિનું તેજ, સ્વરૂપ, આભા અને તેની મંત્રમુગ્ધ અસર એ સઘળુ અલૌકિક અને અવિસમરણીય બાબતો છે. શ્રધ્ધા, આસ્થાનો વિષય છે.પ્રભુનો સર્વગુણ સંપન્ન છે. પણ આ શુભ અવસરે પ્રખર નિષ્ણાંત મુર્તિકાર



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી

અરૂણ યોગીરાજને પણ લાખ લાખ અભિનંદન. આ દિવ્ય અવસરે કૃષ્ણ દવેની રચના ન ટાંકીએ તો વાત અધુરી જ ગણાય..'સ્માઈલ'

'ઘણી મુરઝાતી પળને ગુલાલ કરી તે
એકસ્માઈલ આપીને કમાલ કરતી તે
કેવી મધથી'યે મીટ્ટી ધમાલ કરી તે'!
એકસ્માઈલ આપીને કમાલ કરી તે
આગ લાગી હો એવડી કે બુઝે નહી,
ઘાવ ઉંડા હો એટલાં કે રૂઝ નહીં.
આમ અંધારા વહેરવા કાંઈ સહેલા નથી.
એક પગલીને મારગ પણ સુઝ નહીં.
ત્યારે ખુદને પ્રગટાવી મશાલ કરી તે - એક સ્માઈલ આપીને..
કૈક આંખોમાં આશાને વાવે પણ તું
પછી ઝરણાથી પાંપણ છલકાવે પણ તું,
બેં'ક ચહેરા પર જયારે મુસ્કાન તું બને
ઘણા યુધ્ધોના યુધ્ધો અટકાવે પણ તું
પુરેપુરી માનવતાને ઉપાલ કરી તે ... એક સ્માઈલ આપીને...
એવા કેવા તે આવીને કામણ કીધા!
એકમેકથી અજાણ્યાને જોડી દીધાં
ધીમે ધીમે ત્યાં વાતોનાં પંખી ઉતર્યા
પછી સાથે બેસીને એણે સુખદુઃખ પીધાં.

કેટકેટલાને સાચવ્યા છે. વ્હાલ કરી તે એક સ્માઈલ આપીને કમાલ કરી તે.

હે નાથ! સૌને ક્ષમા કરજો, સૌનું ભલુ કરજો, સૌનું કલ્યાણ કરજો- સૌનું ધ્યાન રાખજો ' વસુવૈવ કુંટુમ્બકમનું સપનું સાકાર કરજો."

# લગ્નનું લાલિત્ય

લગ્ન એક એવો સંબંધ છે કે જેમાં બે વ્યક્તિ આ જીવન સફરના પ્રવાસ પર સાથે પ્રયાણ કરે છે. જેમાં બંને એકબીજાના સથવારે વૃદ્ધ થવાના છે અને આ જીવનનો એક લાંબો પ્રવાસ ખેડવાના છે. જેની શરૂઆત લગ્ન સંસ્કારથી થાય છે. ત્યારે આ લગ્ન સંબંધ પ્રેમથી પરિણયમાં પરિણમે કે પછી પરિણય પછી પ્રેમ પરિણમે પરિસ્થિતિ કોઈપણ હોય પણ જયારે બે વ્યક્તિ પરસ્પર એકબીજા સાથે જોડાય છે ત્યારે આ સંબંધ ખુબ સુંદર સફર બની જાય છે. પરંતુ તેમ છતાં આ સંબંધને સતત તરોતાજા રાખવા, તંદુરસ્ત રાખવા તેમાં ઘણા દ્રવ્યોની અને ઘણી માવજત કે મહેનતની જરૂર પડે છે. આ સંબંધમાં જોડાયેલ બંને વ્યક્તિનો પરસ્પરનો પ્રેમ એ સંબંધમાં શ્વાસનું કામ કરે છે.આવા આજીવન સાથે ચાલવાના સંબંધને સુવ્યવસ્થિત રીતે ઉછેરવા કે વિકસાવવા માટે તેમાં વ્હાલ, વિશ્વાસ, સન્માન અને સમજદારી દરેક દ્રવ્ય ખૂબ જરૂરી છે. અને તો જ આ સંબંધ પારાવાર પોષાય છે. વળી આ સંબંધમાં પારદર્શિતા પણ એટલી જરૂરી છે. પણ તેમ છતાં આ સંબંધમાં જોડાનાર બંને વ્યક્તિનું પોત પોતાનું એક આગવું અસ્તિત્વ છે. જે વાસ્તવિકતાને નજર અંદાજ ન કરી શકાય. આ સંબંધમાં જોડાનાર બંને વ્યક્તિએ



અનુભૂતિનાં અક્ષરો
- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

એકબીજાનો સહકાર કે સથવારો બનવાનું છે. કારણકે આ સબંધમાં જોડાતી વખતે પરિણયના પ્રવાસે ચાલતી વખતે પાણિગ્રહણ કરતી વખતે હાથમાં હાથ આપી પતિ પત્ની એકબીજાના થવાના વાયદાને વચનો આપે છે. પરંતુ કયાંય કોઈ વચન પોતાના મટી જવાનું નથી. એટલે પોતાનું અસ્તિત્વ જાળવી રાખી અને એકબીજાના થવાનું હોય ત્યારે એકમેકને અપનાવતી વખતે તેની સાથે જોડાયેલા માત્ર તેના ગુણ નહીં તેના દોષ, તેની મર્યાદાઓ, ક્ષમતાઓ બધું જ અપનાવવું પડે.

વળી આ સંબંધને હુંફ અને શ્વાસ લેવા માટે મુક્ત માહોલ આપવો પડે. તેને બંધનના બોજમાં દબાવવામાં આવે તો તે ધીમે ધીમે મુડજાવા લાગે છે. પતિ કે પત્ની કોઈ પણ જયારે એકબીજા પર પોતાનું આધીપત્ય જમાવવાની કૌશિશ કરે, કે બીજાના જીવનનું રિમોટ પોતાના હાથથી કંટ્રોલ કરવાની કૌશિશ કરે, ત્યારે એ સંબંધ ધીમે ધીમે ક્ષીણ થતો જાય છે. એટલે જ આપણે ત્યાં જીવનસાથી શબ્દ છે જે જીવનભર સાથી બનીને ચાલવાના છે, સાથ નિભાવવાનો છે એ.તો જયારે સાથી બનીને ચાલવાનું છે ત્યારે એ મિત્રભાવ કેળવાય તો એ સંબંધ મહેંકી ઊઠે. પરંતુ એ સંબંધમાં સાથીના બદલે સ્વામી ભાવ બેમાંથી કોઈ પણ પક્ષે આવે ત્યારે એ સંબંધને હાનિ પહોંચાડે છે. લગ્ન જીવનમાં પતિ અને પત્ની કહેવાય છે કે આ સંસાર રથના બે ચક્ર છે. બંને જો સમાન રીતે ગતિ કરશે તો જ એ રથ મંજીલે પહોંચે. માટે આ લગ્નરૂપી સબંધને મંઝિલ સુધી પહોંચાડવાના પ્રયત્નો પતિ અને પત્ની બંનેએ કરવા પડે.

વળી લગ્નએ આપણી ખૂબ સુંદર વ્યવસ્થા છે. લગ્ન એક સંસ્કાર છે. પરંતુ એ જ સંબંધ જો બેમાંથી કોઈ પણ એકના જીવનમાં પ્રગતિનું પગથિયું બનવાના બદલે પાંજરૂ બની જાય ત્યારે એમાં રહેલો પ્રેમ ગુંગળાવા લાગે છે. બંનેમાંથી કોઈ એક વ્યક્તિની અસલામતી, ચિંતા કાળજી કે સંબંધોના નામે બીજાની પ્રગતિમાં સતત અવરોધક બનવાની વૃત્તિ એ બીજા વ્યક્તિના અસ્તિત્વને ઓગાળી દે છે. અને ત્યારે બીજી વ્યક્તિ સતત અંદર ઘુંટાતી જાય છે અને એના માટે પ્રેમ માત્ર પાંજરૂ બનીને રહી જાય છે. અને જયારે લગ્નજીવનમાં કોઈ એક વ્યક્તિનો પ્રેમ બીજી વ્યક્તિ માટે ઘુંટન કે, ગુગળામણ બની જાય, પાંજરૂ બની જાય ત્યારે એ લગ્ન જીવનને તોડવાનું કારણ બને છે.

આ લગ્ન એક લાંબી યાત્રા છે ત્યારે એમાં કમિટમેન્ટ હોવું, કમિટેડ હોવું એ ખૂબ જરૂરી છે. અને જયારે બે વ્યક્તિ એકબીજાને કમીટેડ કે વફાદાર રહેવાનું મક્કમતાથી નિર્ણય કરે ત્યારે એ સંબંધને તૂટવાના ગમે તેટલા કારણો હોય પણ જો એને નિભાવવાનું મન મક્કમ હોય ઈરાદો મજબૂત હોય તો એ સંબંધ કયારેય પણ તૂટતો નથી. પરંતુ શરત એક જ છે કે એ દરેક સમજદારી, વફાદારી કે વ્હાલ અને વિશ્વાસ આ દરેક દ્રવ્યોનું સિંચન સંબંધમાં બંને પક્ષે કરવાનું હોય છે. ટુંકમાં

'શોધ હો સીતા તણી જો આપણી,
તો રામનું તપ પાળવું પડશે.
ને રામ સમ સ્વામીની હો ઝંખના,
તો વસમી વાટમાં સાથે ચાલવું પડશે'

જો બંને પક્ષે આ સંબંધમાં સમય સમયાંતરે આ દરેક દ્રવ્યોનું સિંચન કરવામાં આવે તો એ સંબંધ ફૂલે, ફાલે અને પાંગરે છે. અને આજીવન ચાલતી સફરનો, લગ્ન જીવનની લાંબી યાત્રાનો આ પ્રવાસ ખૂબ જ સુખદ અને આનંદદાયક રહે છે. અને આ દાંપત્યની ડગરની સફળતાપૂર્વક પાર કરી શકાય છે.

લગ્નમાં લગન લગાડી તેમાં ઊર્જા ભરવામાં આવે તો આ લગ્નનું લાલિત્ય જળવાઈ રહે. અને આ એક સુમધુર સંબંધની સુવાસથી જીવન સુગંધિત બને. સૌનો આ જીવનભરનો સંબંધ જીવનની ઊર્જા બને ઉપાધિ નહીં તો આ સંબંધનું સૌંદર્ય વધી જશે.

# સાવરકુંડલા વિસ્તારમાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનો પ્રવાસ યોજાયો



સૌના પ્રેમ અને આશીર્વાદથી ફરી અમરેલીમાં ખીલશે કમળ સાવરકુંડલા વિધાનસભાના ૧૩ ગામડાઓમાં ભરત સુતરીયાનો યોજાયો પ્રવાસ સાવરકુંડલાના ગામડાઓમાં જાગ્યું આશાનું કિરણ લોકસભાની ચૂંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ૧૪ – અમરેલી લોકસભા બેઠક પર પ્રચાર પ્રસારિત જોર પકડયું છે બધા લોકોની નજર અમરેલી બેઠક પર છે આ બેઠક પણ કોણ મારશે બાજી ત્યારે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરત સુતરીયાને મળી રહ્યું છે અને લોકોના સમર્થન વડીલોના આશીર્વાદ ભરત સુતરીયાને મળી રહ્યા છે ગઈકાલે સાવરકુંડલા વિધાસભાના ૧૩ ગામડાઓમાં પ્રવાસ યોજવામાં આવ્યો હતો જાબાળ, અભરામપરા, દોલતિ, નવાગામ, છાપરી, લીખાળા, ઠવી, શેલણા, પીઠવડી, નાના ઝીંઝુડા, જુના સાવર, જીરા વિવિધ ગામડાઓમાં કાર્યક્રમ સફળ બનાવ્યો હતો અને દરેક કાર્યક્રમમાં લોકોની પણ હાજરી બહોળી સંખ્યામાં જોવા મળી હતી નાનો માણસ એક કામનો માણસના સૂત્ર ખરા અર્થમાં સાર્થક થયું છે ગામડાના લોકોમાં એક અનેરૂ સ્મિત જોવા મળ્યું હતું લોકોએ પણ કહ્યું હતું કે ભાજપ સરકારે જે અમરેલી લોકસભા માટે જે નિર્ણય લીધો છે તે યોગ્ય છે કે નાનો માણસ જાણે છે કે ગામડાના લોકોને શું જોઈએ છે હવે જેમ જેમ લોકસભાની ચૂંટણી દર નજીક આવતું જાય છે કે ગામડાના લોકો શું જોઈએ છે હવે જેમ જેમ લોકસભાની ચૂંટણી દર નજીક આવતું જાય છે તેમ તેમ મધ્યસ્થ કાર્યલય પણ ખુલ્લી મુકવામાં આવી રહી છે આ તો કે ધારાસભ્ય મહેશ કસવાલા એ નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા નાના માણસો દ્વારા કરવામાં આવી રહી છે તેને લઈને ગામના લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સાવરકુંડલાના તાલુકા ભાજપ પ્રમુખ જીવનલાલ વેકરીયા, જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિના લાલજીભાઈ મોર, રાહુલભાઈ રાદડીયા, સાવરકુંડલા યાર્ડનાં ચેરમેન દિપકભાઈ માલાણી, સાવરકુંલા શહેરના પ્રભારી સંજયભાઈ રામાણી, ભુપેન્દ્રભાઈ ખુમાણ, લલિત બાલધા, સાવરકુંડલા તાલુકાના પૂર્વ પ્રમુખ રાઘવભાઈ સાવીલયા, સરપંચો, ભાજપના કાર્યકર્તાઓ અને ગામના લોકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


## ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી જાણીતા કથાકાર કેયુરભાઈ જે. જોશી ઉ.વ.૩૨ તે સ્વ. વંદનાબેન અને જગદીશભાઈ પ્રવીણભાઈ જોશીના પુત્ર તથા રાજેન્દ્રભાઈના મોટાભાઈ તથા દિલીપભાઈ પી. જોશીના ભત્રીજા તથા પ્રદીપભાઈ જે. દવે (ભાવનગર) ના જમાઈ તથા શિવમભાઈ પી. દવેના બનેવી તેમજ મહેન્દ્રભાઈ એમ. પંડયા (અકાળા) ના ભાણેજનનું તા.૨૭ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૯ને સોમવારના રોજ બપોરે ૩થી ૬ સુધી (બંને પક્ષ)નું ક્રિષ્ના પાર્ક સોસાયટી, શેરી નંબર–૧, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**અમરેલી :** શિહોર નિવાસી અને હાલ અમરેલી વાળા સોની બાબુલાલ નાગરદાસ નાંઢા (ઉ.વ.૮૭) તે કિરણભાઈ નાંઢા, દીપકભાઈ, વિક્રમભાઈ, નયનાબેન ગોપાલકુમાર ભીંડી, રીટાબેન વીરેન્દ્રકુમાર જોગીયાના પિતાજી તેમજ રીંકું કિરણભાઈ, રાજન વિક્રમભાઈ, પાયલ દિપકભાઈના દાદા તેમજ સ્વ. અરવિંદભાઈ વેલજીભાઈ વૈઠા, કિશોરભાઈ વેલજીભાઈ વૈઠા તળાજા વાળના બનેવીનું તા. ૨૭/૪ ને શનિવારે અવસાન થયેલ છે. સદ્ગતની અંતીમ યાત્રા તા.૨૮/૪ ને રવિવારે સવારે ૭–૩૦ કલાકે ગુરૂકૃપાનગર ચિત્તલરોડ અમરેલીથી નીકળશે. સદ્ગતની પ્રાર્થનાસભા/સાદડી તા. ૨૯/૪ સોમવારે સાંજના ૪ થી ૬ સુધી શ્રીમાળી સોની જ્ઞાતિની વાડી, મ્યુ. ગર્લ્સ સ્કૂલ રોડ, અમરેલી ખાતે બંને પક્ષની સાથે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૩૧ | ૧૨૫૦ |
| ૨ | શિંગ મોટી | ૯૨૫ | ૧૨૪૧ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૪૭૦ | ૧૬૨૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૯૯૦ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૨૭૦૦ |
| ૬ | બાજરો | ૩૫૭ | ૪૮૨ |
| ૭ | જુવાર | ૫૫૭ | ૭૭૧ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૪૩ | ૬૧૭ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૮૦ |
| ૧૦ | મકાઈ | ૪૪૩ | ૪૪૩ |
| ૧૧ | મગ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૧૨ | અડદ | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ૧૩ | ચણા | ૯૧૦ | ૧૨૪૫ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૩૦ | ૧૨૪૫ |
| ૧૫ | તુવેર | ૧૦૦૫ | ૨૧૧૦ |
| ૧૬ | કપાસ | ૧૦૧૭ | ૧૫૦૩ |
| ૧૭ | એરંડા | ૭૭૦ | ૧૦૭૮ |
| ૧૮ | જીરૂ | ૨૫૨૦ | ૪૩૦૦ |
| ૧૯ | રાયડો | ૮૦૦ | ૯૨૮ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૬૯૦ |
| ૨૧ | ધાણી | ૧૦૬૦ | ૧૯૦૦ |
| ૨૨ | મેથી | ૬૭૦ | ૯૬૬ |
| ૨૩ | સોયાબીન | ૮૬૨ | ૮૭૩ |
| ૨૪ | મરચા લાંબા | ૬૭૦ | ૩૨૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં કેરિયા રોડ ઉપરથી

રાજપુરોહિત (૨) રીતેશ સુરેશમાઈ દવે (૩) હરીષ ચંપાલાલ સોલંકી (૪) દીપક પ્રેમારામજી સોલંકી (૫) શીવરતન ઓમપ્રકાશજી અગ્રવાલરામરાવાસ, ગામ કલ્લા, તા. પીપારસીટ, જોધપુર, રાજસ્થાનઓ પાસેથી ૪૭૬ ગ્રામ મેફેડ્રોન (એમડી), ૧૬.૯૪૬ લીટર લીકવીડ મેફેડ્રોન/ સ્લરી એમડી રીકવર કરવામાં આવેલ છે. તેમજ આ ગેરકાયદેસર રીતે ચાલતી ફેકટરી અને મેન્યુફેકચરીંગ ઈકવીપમેન્ટ પણ જપ્ત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત, ગુજરાત એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક વીરજીતસિંહ પરમારનાઓના નેતૃત્વ હેઠળ એ.ટી.એસ. ગુજરાત તથા એન.સી.બી.(ઓપ્સ.) દિલ્હીની સંયુકત ટીમ દ્વારા રાજસ્થાનના જોધપુર જીલ્લાના ઓશીયા ગામે કરવામાં આવેલ રેડમાં કેટલાક કેમીકલ તથા મેન્યુફેકચરીંગ ઈકવીપમેન્ટ સીસ્ટમ મળી આવેલ છે. જે કેમીકલની ઓળખ અને માત્રા અંગે એન.સી.બી.ની ટીમ દ્વારા વધુ પરીક્ષણ કરવામાં આવી રહેલ છે. આ રેડ દરમ્યાન રામ પ્રતાપ કેશુરામ નામના ઈસમની અટકાયત કરવામાં આવેલ છે.

તેમજ, તપાસ દરમ્યાન એસ.ઓ.જી. અમરેલીની ટીમ સાથે રાખી તીરૂપતિ કેમ–ટેક, પ્લોટ નં. ૦૪ મારૂતિ ઈન્ડસ્ટ્રીયલ ભકિતનગર, કેરીયા બાયપાસ, અમરેલી ખાતે રેડ કરવામાં આવેલ છે. જે દરમ્યાન ૬.૫૫૨ કિ.ગ્રા. પ્રેસેસ્ડ મેફેડ્રોન (એમડી) તથા ૦૪ લીટર લીકવીડ મેફેડ્રોન હોવાનું જણાય છે. ગેરકાયદેસર રીતે ચાલતી આ ફેકટરી અને મેન્યુફેકચરીંગ ઈકવીપમેન્ટ જપ્ત કરવામાં આવેલ છે તથા બે ઈસમો (૧) નીતીનભાઈ ધીરૂભાઈ કાબરીયા (ઉં. વ. ૪૦) રહે. લીલીયા રોડ, ખારાવાડી, અમરેલી (૨) કીરીટભાઈ લવજીભાઈ માદલીયા (ઉં. વ. ૪૨) રહે. સાવરકુંડલા રોડ, ભકિતનગર બાયપાસને પકડી પાડવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ આ ગુન્હાહિત પ્રવૃત્તિમાં કેટલા સમયથી સામેલ હતા અને તેઓએ ગેરકાયદેસર રીતે બનાવેલ માદક પદાર્થ મેફેડ્રોન (એમડી) કઈ–કઈ જગ્યાએ તથા કોને વેચાણ કરેલ હતો અને એ માટે તેઓને નાણા કઈ રીતે મળતા હતા તથા આ નાર્કોટીકસ ડ્રગકાર્ટેલમાં અન્ય કઈ–કઈ વ્યકિત સામેલ છે એ અંગે સઘન તપાસ ચાલુમાં છે.

આ કેસની તપાસ દરમ્યાન ગેરકાયદેસર રીતે બનાવેલ માદક પદાર્થ મેફેડ્રોન (એમડી)ના સપ્લાયર, પ્રોડયુસર, વેચાણ કરનાર તથા મુખ્ય સૂત્રધાર સુધીની કડીઓ શોધી કાઢવામાં એ.ટીસ.એસ. ગુજરાત દ્વારા કેન્દ્રીય એજન્સીઓ સાથે સમન્વયનું ઉત્તમ ઉદાહરણ જોવા મળેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૯૫ |
| ૨ | ચણા | ૧૧૫૦ | ૧૨૩૩ |
| ૩ | એરંડા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૪ | ધાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૫ | તુવેર | ૨૦૦૧ | ૨૦૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૮૦ | ૧૨૧૬ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૨૨૫ |
| ૩ | શીંગ નવી | – | ૧૩૫૫ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૩૧ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | – |
| ૬ | જીરૂ | ૩૮૯૬ | ૪૩૫૦ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૨ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૭૦૦ |
| ૧૨ | મગ | ૧૮૦૦ | ૨૫૦૧ |
| ૧૩ | ચણા | ૧૧૩૦ | ૧૨૫૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૧૫ | તુવેર | ૧૮૦૦ | ૨૧૬૭ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૦૯૩ |
| ૧૭ | ધાણા | ૧૨૦૦ | ૧૮૫૧ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | ૮૮૮ |
| ૧૯ | મકાઈ | ૫૫૦ | – |

## રાજકોટ ૭૦ દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં પરષોત્તમભાઇ રૂપાલાના કાર્યાલયનો પ્રારંભ





રાજકોટ, તા. ૨૭

રાજકોટ લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલા ના૭૦ દક્ષિણ વિધાનસભા વિસ્તારના કાર્યાલય નો પ્રારંભ કરાયો હતો મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા ભાજપ ના ઉમેદવાર રૂપાલા ના સમર્થનમા મોટી સંખ્યામાં આગેવાનો કાર્યકરો સહીત શહેરના વેપારીઓ આગેવાનો ઉદ્યોગપતિ સહિત લોકો એ સમર્થન કરી શ્રી પરસોતમભાઈ રૂપાલા ને જંગી લીડ થી જીતાડવા આહવાન કર્યુ હતું ૭૦ વિધાનસભા ચૂંટણી કાર્યક્રમના પ્રભારી મયુરભાઈ હીરપરાએ જણાવ્યું હતું કે ભાજપના ઉમેદવાર રૂપાલા ૫ લાખ મત થી વધુ લીડ થી વિજેતા થશે.

આ પ્રસંગે પૂર્વ ગવર્નર વજુભાઈ વાળા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી સાંસદ મોહનભાઈ કુંડારીયા પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ભરતભાઈ બોધરા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, વિરેન્દ્રસિંહ ઝાલા, માધવભાઈ દવે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ નયનાબેન પીઠડીયા મેયર તેમજ કોર્પોરેટરો શહેર ભાજપ તાલુકા ભાજપ સંગઠન ના હોદ્દેદારો કાર્યકર્તાઓ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હતા.


Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, ક્રિષ્ના શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.

જયદીપ પટેલ

: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૦૯૫ | ૧૨૦૪ |
| ૩ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૪ | ચોળી | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ૫ | ઘઉં લોકવન | ૩૭૪ | ૫૧૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૯ |
| ૭ | મકાઈ | ૩૪૨ | ૩૪૨ |
| ૮ | ચણા સફેદ | ૧૨૦૫ | ૧૩૦૦ |
| ૯ | મેથી | ૮૭૦ | ૮૭૦ |
| ૧૦ | જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| ૧૧ | સોયાબીન | ૮૧૩ | ૮૧૩ |
| ૧૨ | રાયડો | ૯૦૦ | ૯૦૦ |
| ૧૩ | તલ સફેદ | ૧૮૬૦ | ૧૮૬૦ |
| ૧૪ | બાજરો | ૪૨૪ | ૪૨૪ |
| ૧૫ | એરંડી | ૧૦૪૦ | ૧૦૪૦ |

## સાવરકુંડલામાં જુમ્મા મસ્જિદના પેશઈમામ હાફિઝ સાદિક સાહેબ ઉમરાહની સફરે



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલામાં સુન્ની મુસ્લિમ જમાત સંચાલિત જુમ્મા મસ્જિદ ના પેશ ઈમામ અને કામિયાબ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ વાળા અને મુસ્લિમ બિરાદરો ને દીનો સાચો રાહ બતાવનાર હાફિઝ સાદિક સાવરકુંડલા થી અનેકવાર ઉમરાહ ની સફરે ઉમરાહ કરેલ છે અન બે દિવસ પહેલા ફરી વખત ઉમરાહની સફરે જતા હોવાથી સાવરકુંડલાના સૂફી સંત અને કોમી એકતાના માર્ગદર્શન અલ્હાજ પીર સૈયદ દાદાબાપુ કાદરી એ જુમ્મા મસ્જિદમાં શાલ ઓઢાડી ફૂલ હારથી સન્માન કરી રવાનગી આપી હતી

પીર સૈયદ દાદાબાપુ કાદરીની દુઆઓથી હાફિઝ સાદિક સાહેબે સાવરકુંડલા શહેર તેમજ તાલુકા અને જિલ્લાભરમાં દીની તાલીમનો વધારો અને દીની તાલીમ દીનીમય બનાવ સિંહ ફાળો રહ્યો છે તેમજ લોકો ના સુખ દુઃખના કામમાં અવરીત પણે ઉકેલ લાવવા પ્રયત્નશીલ બન્યા છે અને બનતા આવ્યા છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૭૯ | ૧૫૧૧ |
| ૨ | મગફળી | ૧૧૪૫ | ૧૧૬૫ |
| ૩ | ઘઉં | ૪૮૯ | ૫૪૧ |
| ૪ | ચણા | ૧૧૫૭ | ૧૨૩૩ |
| ૫ | જીરૂ | ૩૬૩૦ | ૪૫૦૦ |
| ૬ | રાય | ૯૯૦ | ૧૧૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૩૦૬ |
| ૨ | ઘઉં | ૪૯૬ | ૫૧૫ |
| ૩ | ચણા | ૧૦૭૦ | ૧૧૬૦ |
| ૪ | તુવેર | ૧૧૨૫ | ૧૮૮૧ |
| ૫ | એરંડા | ૧૦૨૫ | ૧૦૭૭ |
| ૬ | મકાઈ | ૪૫૮ | ૪૫૮ |
| ૭ | સફેદ ચણા | ૧૪૭૬ | ૧૪૭૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૨૧ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૫૧ |
| ૩ | કપાસ | ૧૦૫૦ | ૧૫૦૮ |
| ૪ | બાજરો | ૪૫૦ | ૫૫૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૪૦ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૮૫૨ |
| ૭ | મગ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૮ | તુવેર | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ૯ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૧ |
| ૧૦ | જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ૧૧ | છોલે ચણા | ૧૯૬૭ | ૧૯૬૭ |
| ૧૨ | રાજગરો | ૧૮૨૬ | ૧૮૨૬ |

## ભાજપનાં ૧૦ વર્ષના શાસનમાં કોંગ્રેસનાં ૬૦ વર્ષનાં શાસન કરતાં મોંઘવારી ડબલ થઈ

# ગેસ સીલીન્ડર, પેટ્રોલ-ડીઝલ, ખાતર, બિયારણ બધુ જ મોંઘુ થયું : જેની ઠુંમર

કુંકાવાવ, દેવગામ, મોટા આંકડીયા, ચિતલ સહિતનાં ગામોમાં કોંગી ઉમેદવારને સાંભળવા જનમેદની એકત્ર ગઈ

સરકારી કર્મચારીઓને પેન્શન મળતુ નથી, વૃદ્ધાને રેલ્વેમાં મળતી રાહત પણ બંધ કરી દીધી

કોરોના કાળમાં ઓકિસજન, બેડ, દવાની સુવિધા ઉભી કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ રહી

કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત, "આપ"નાં નિકુંજ સાવલિયા સહિતનાં આગેવાનો પ્રચાર કાર્યમાં જોડાયા



અમરેલી, તા. ૨૭

અમરેલી-મહુવા-ગારીયાધાર કોંગ્રેસના શિક્ષીત મહિલા ઉમેદવાર આજે અમરેલી-કુકાવાવ વિધાનસભા મતવિસ્તારના કુકાવાવ, દેવગામ, મોટા આકડીયા, મોટા માંડવડા, વિઠ્ઠલપુર, ચિતલ વિસ્તારમાં લોકોના આશિર્વાદ મેળવ્યા હતા.

આ તકે જેનીબેન ઠુમ્મરે લોકોને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે આજે ભારત દેશનો દરેક વર્ગ દુખી છે. ખેડૂત, ખેતમજુર, યુવાનો, પશુપાલકો, કર્મચારી, સહિતના લોકોના અનેશ પ્રશ્નો છે જે હલ થતા નથી ત્યારે દેશમાં બંધારણ અને લોકશાહી બચાવવા માટે આપણે સૌએ એક થઈ અને વધુમાં વધુ મતદાન કરી અને જનતાની સાચી તાકાતનો પુરવો આપવાની જરૂર છે. આજે દેશના ખેડૂતોને ખેતી મોંઘી બની છે. અને ઉપજના પુરતા ભાવો મળતા નથી, ગૃહિણીઓને ગેસના બાટલા સહિત રસોડાની દરેક વસ્તુઓ મોંઘી થઈ છે. ત્યારે બહેનો પરેશાન છે. મારા યુવાન ભાઈ-બહેનો શિક્ષીત થઈ બેરોજગાર છે. દેશનો કર્મચારી જુની પેન્શન સ્કિમ માટે માંગણી કરી રહ્યો છે. દશેનો ખેડૂતો દિલ્હી બોર્ડર પર આંદોલન કરી રહ્યો છે. મણીપુરમાં લાંબા સમયથી આરાજકતા છે. કુશ્તી લડતી બહેનોનો અવાજ સાંભળવામાં આવ્યો નથી ત્યારે દેશનો દરેક વર્ગ દુખી છે. ત્યારે લોકોના દુઃખ દૂર કરવા એ જ કામ સરકારનું કોરોનામાં ઓકસીજન અને રેમ્ડેસિવીરની અછત થી કેટલાય લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. ત્યારે બંધારણ અને લોકશાહી બચાવવા માટે હું જનતાનો આશિર્વાદ માંગવા આવી છું આપના સગા-વ્હાલા-મિત્ર સર્કલ જયાં હોય ત્યાં દેશના ગમે તે ખુણે હોય તેમને લોકશાહી બચાવવા માટે વધુમાં વધુ ઈન્ડીયા ગઠબંધન અને કોંગ્રેસના ઉમેદવાર તરફી મતદાન કરવા અપીલ કરવા હું તમને વિનંતી કરવા આવી છું આ ઉપરાંત રાજયના મુખ્યમંત્રીને મારી અપીલ અને માંગણી છે કે હોમગાર્ડના મારા ભાઈઓને રૂા. ૭૦૦ દૈનિક વેતન કરવુ અને ગ્રામીણ રક્ષક દળ (જી.આર.ડી)ને રૂા. ૫૦૦ દૈનિક વેતન કરવુ જોઈએ.

સુરતની જનતાઓ મત દેવાનો અધિકાર છીનવાઈ ગયો ત્યારે સુરતમાં રહેતા મારા ભાઈ-બહેનોને વિનંતી કરૂ છું કે દેશના દરેક ખુણામાં તમે ફોન કરી અને લોકશાહી બચાવવા માટે વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરો. આ તકે વિરજીભાઈ ઠુમર પૂર્વ સાંસદે કુકાવાવ પોતાના જુના ધારાસભા મત વિસ્તારને સંબોધતા વિધિ હોય તો મારી જણાવ્યું હતું કે ત્યાં મારો જુનો વિસ્તાર છે અહીંથી આગેવાનીમાં આપવા માટે આ તાલુકા એ મને મહત્વનો સહકાર આપ્યો છે ત્યારે જેની બેનને પ્રથમ નંબરની લીડ આપી અને ખોટા તત્વોને ઘર ભેગા કરવાનો સમય પાકી ગયો છે તે આવહાન કર્યું હતું.

આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યુ કે બહેનો-બહેનો કરી અને બનેવીના ખીચા ખાલી કર્યા છે. બહેનો અને બનેવીને મારી વિનંતી છે મત દેવા જાવ ત્યારે ગેસના બાટલાને અને તમારા ઘરમાં પડેલ ટુ વ્હીલ અને ફોર વ્હીલની પેટ્રોલ-ડીઝલની ટાકીને જોઈ અને નમન કરી અને મત દેવા જજો આ તકે તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષભાઈ ધાનાણી એ કે કેન્દ્રમાં ઈન્ડીયા ગઠબંધનની સરકાર આવશે તો રાહુલ ગાંધીએ નીચે મુજબની લોક ઉપયોગી યોજનાઓ લાગુ થાશે જેમાં જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે. તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષ ઓછી ઉમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે, અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે. તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવમાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો : ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુંની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયાર, દવા અને ખેતીના સંશાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે : ગરીબ પરિવારની મુખ્યબહેનને વાર્ષિક રૂ.૧ લાખ, અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજુરો માટે :-મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવા વાળા લોકોને સમાજિક સુરક્ષા આપવામાં આવશે. અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. ન્યાય આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ-જંગલ-જમીનનો કાનૂની હક વન અધિકાર વાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસીબહુમતિ વાળા વિસ્તારોમાં અધસિુચિત થાશે.

આ તકે જેનીબેન ઠુમ્મર સાથે પ્રવાસે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, આમ આદમી પાર્ટીના પ્રમુખ નિકુજભાઈ સાવલીયા, પૂર્વ પ્રમુખ ડી.કે.રૈયાણી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષભાઈ ભંડેરી, ધર્મેન્દ્રભાઈ પાનશુરીયા, સત્યમ મકાણી, ભરતભાઈ હપાણી, સહિત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

### હનુમાન જયંતીના પવિત્ર દિને

## અમરેલીની બિમ્સ હોસ્પિટલ દ્વારા ભુરખીયાનાં દર્શનાર્થીઓની પ્રેરણાદાયી સેવા

### ૨૦૯ દર્શનાથીઓને પ્રાથમિક સારવાર આપી

અમરેલી, તા.૨૭

સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ યાત્રાધામ ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે દાદાના પ્રાગટય દિન ચૈત્રી પુનમ તા. ૨૨ તથા ૨૩ ના દિવસે લાખો શ્રધ્ધાળુઓ દર્શનાર્થે પહોંચ્યા હતા. જયારે હજારોની સંખ્યામાં દાદાના ભકતજનો પગપાળા પધાર્યા હતા.

ભુરખિયાં હનુમાન દાદામાં અખુટ શ્રધ્ધા ધરાવતા દાદાના ભકજનો દર વર્ષની માફક આ વર્ષે પણ આવી સખત ગરમીમાં આવતા હોવાથી સ્વાભાવિક રીતે શરીર ઉપર અસરો થતી હોય છે. આવા સંજોગોમાં અમરેલીની બીમ્સ હોસ્પિટલ દ્વારા ભુરખીયા મંદિર ખાતે તેમની ટીમના ડો.યશ ઝાલા, ડો.રવી પઢિયાર તથા નિલેશભાઈ, હષીતા, અસ્મીતા, ખુશી, રૂચીતા, કલ્પેશ, દીલીપભાઈ અને પેરામેડીકલ સ્ટાફ રાજદીપભાઈ, કેતનભાઈ, અજયભાઈ દ્વારા લોકોના સેવાકાર્યો કરી પ્રશંસનીય કાર્ય કર્યુ છે.



આ સેવાક્રમ દરમિયાન ૨૦૯ જેટલા દર્શનાર્થીઓને પ્રાથમિક સારવાર આપવામાં આવેલ હતી. તેમજ ૩ દર્શનાર્થીઓને ઈમરજન્સી સારવાર આપી ઉતમોતમ સેવાકાર્ય કરી આ ટ્રસ્ટની જવાબદારી હળવી કરી હતી.

## સાવરકુંડલામાં જુમ્મા મસ્જિદના બાંગી ઉમરાહની સફરે

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા જામ્મા મસ્જિદના બાંગી જે સામાન્ય પગારમાં નોકરી કરે છે તેવી નબળી સ્થિતિવાળા સામાન્ય માણસ સવાલી તરીકે ઓળખાતા મકકા મદીના ઉમરાહની સફરે જતા હોય તેવો નું મુસ્લિમ અગ્રણી અને વિશ્વાસ ફૂલવાળા યુનુસભાઈ ચૌહાણ ડેરીભાઈ એ સન્માન કરી નાના માણસનો હોસલો બુલંદ કરેલ અને



અલ્લાહ સવાલીની બાંગીની ઉમરાહની સફર અલ્લાહ તાલ્લાહ કબૂલ મંજૂર ફરમાવે તેવી દુઆ પણ કરવામાં આવસ હતી.

## સુનિતા કેજરીવાલના હાથમાં આપના લોકસભા ચૂંટણી પ્રચારનું નેતૃત્વ

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલ આમ આદમી પાર્ટી માટે લોકસભા ચૂંટણીના પ્રચાર મેદાનમાં ઉતર્યા. જ્યાં છઈઁના પૂર્વ દિલ્હીના ઉમેદવાર કુલદીપ કુમારના સમર્થનમાં રાષ્ટ્રીય રાજધાનીમાં તેણીનો પ્રથમ રોડ શોનું આયોજન હતું. પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશી સિંહે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું. દિલ્હીના મંત્રી આતિશીએ જણાવ્યું કે સુનિતા છઈઁ માટે "મત અને આશીર્વાદ માંગશે" જો તેના પતિ, જે હાલમાં તિહાર જેલમાં બંધ છે, ન્યાયિક કસ્ટડીમાંથી પસાર થશે. "અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં, તેમની પત્ની સુનિતા કેજરીવાલ તેમના માટે આશીર્વાદ મેળવવા અને AAP ઉમેદવારો માટે મત માંગવા માટે પ્રચાર કરશે. તે દિલ્હી, પંજાબ, ગુજરાત અને હરિયાણાના લોકો પાસેથી તેમના માટે આશીર્વાદ લેશે," દિલ્હી મંત્રીએ જણાવ્યું હતું. સુનિતા કેજરીવાલ પૂર્વ દિલ્હીમાં રોડ-શો યોજીને પ્રચારની શરૂઆત કરી છે. જેથી કરીને પૂર્વ દિલ્હીના લોકોનો તેમના પતિ માટે ટેકો મળે. ત્યારબાદ, ૨૮ એપ્રિલે, તે પશ્ચિમ દિલ્હી લોકસભા મતવિસ્તારમાં બીજો રોડ શો કરશે, આતિશી સિંહે જણાવ્યું. હવે રદ કરાયેલી દિલ્હી લિકર પોલિસી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ દ્વારા છઈઁ સુપ્રીમોની ધરપકડ બાદ, માર્ચમાં, તેમની પત્ની, સુનિતા કેજરીવાલે, એક નિવૃત્ત IRS અધિકારી, ધીમે ધીમે AAPના પ્રચારમાં મોટી ભૂમિકા સ્વીકારી છે.

મુખ્ય પ્રધાનની જેલવાસની હિટ પોસ્ટ લીધી. દિલ્હીના સીએમની ધરપકડ થઈ ત્યારથી, આતિષી સિંહ અને અન્ય પાર્ટીના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે કેજરીવાલને લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરતા રોકવા માટે ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન, આતિશી સિંહે એવો પણ દાવો કર્યો છે કે લોકો સર્વસંમતિથી અભિપ્રાય ધરાવે છે કે તેઓ તેમને મત આપીને કેજરીવાલની ધરપકડનો જવાબ આપશે. કોર્ટના તાજેતરના આદેશ મુજબ કેજરીવાલ ૭ મે સુધી ન્યાયિક કસ્ટડીમાં રહેશે.

### EDના ચારેય સાક્ષીઓના સંબંધો ભાજપ સાથે : AAP

## અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં દાખલ કર્યો જવાબ

### ઇડી દિલ્હી એક્સાઇઝ પોલિસીમાં કથિત કૌભાંડની તપાસ કરી રહી છે અને તેણે ૨૧ માર્ચે કેજરીવાલની ધરપકડ કરી હતી

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હી એકસાઈઝ પોલિસીમાં કથિત કૌભાંડમાં જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો છે. EDના આરોપો પર કેજરીવાલે કહ્યું કે તપાસ એજન્સીના ચારેય સાક્ષીઓના સંબંધો ભાજપ સાથે છે. તેમના નિવેદનના આધારે જ મારી ધરપકડ કરવામાં આવી હતી.

ઈડી દિલ્હી એકસાઈઝ પોલિસીમાં કથિત કૌભાંડની તપાસ કરી રહી છે અને તેણે ૨૧ માર્ચે કેજરીવાલની ધરપકડ કરી હતી. કેજરીવાલે ઈઙ્ઢની ધરપકડને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. થોડા દિવસો પહેલા EDએ આ મામલે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો હતો. હવે કેજરીવાલે પણ આ મામલે કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો છે.

કેજરીવાલે પોતાના જવાબમાં કહ્યું હતું કે ચારેય સાક્ષીઓના સંબંધો ભાજપ સાથે છે. કેજરીવાલે કહ્યું, "ભાજપ સમર્થિત લોકસભાના ઉમેદવાર મગુંતા શ્રીનિવાસન રેડ્ડી, ભાજપને કથિત દારૂ કૌભાંડમાં ૬૦ કરોડ રૂપિયાનું દાન આપનારા સરથ રેડ્ડી, ભાજપના ગોવાના એક સિનિયર નેતા અને પ્રમોદ સાવંતના નજીકના વ્યક્તિ સત્ય વિજય, ગોવાના મુખ્યમંત્રીના નજીકના અને સીએમના કેમ્પેઈન મેનેજરના નિવેદનના આધારે મારી ધરપકડ કરવામાં આવી હતી." દિલ્હીના સીએમ કેજરીવાલે કહ્યું હતું કે હવાલા એજન્ટ પાસેથી ગુજરાતીમાં લખેલી ડાયરી મળી આવી છે. ભાજપે પોતાની રીતે પુરાવા તૈયાર કર્યા અને રજૂ કર્યા છે.

આ પહેલા EDએ સુપ્રીમ કોર્ટમાં કેજરીવાલની અરજી પર જવાબ દાખલ કર્યો હતો. EDએ દાવો કર્યો હતો કે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ એકસાઈઝ પોલિસી કૌભાંડના મુખ્ય કાવતરાખોર છે અને હકીકત આધારિત ગુના માટે કોઈની ધરપકડ કરવાથી મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીના ખ્યાલનું ઉલ્લંઘન થઈ શકે નહીં. EDએ દાવો કર્યો હતો કે કેજરીવાલે તેના મંત્રીઓ અને આમ આદમી પાર્ટી (AAP)ના નેતાઓ સાથે મળીને આ કૌભાંડ કર્યું હતું અને એક્સાઈઝ પોલિસીમાં આપવામાં આવેલા લાભોના બદલામાં દારૂના વેપારીઓ પાસેથી લાંચ માંગવામાં સામેલ હતા.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસકમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in

# રાજયનાં નેતાઓ માત્ર વિપક્ષોને ભાંડવામાં જ બહાદુર વિકાસકાર્યો કરવામાં શૂન્ય

# રામનાં નામે પથ્થરા તરે અને મોદીનાં નામે કયાંય ન ચાલે તે નેતા બને

**નરેન્દ્ર મોદી ૧૦ વર્ષ પહેલા ગુજરાત છોડી પ્રધાનમંત્રી બનીને દિલ્હી ગયા અને બાદમાં ગુજરાતમાં શુન્યાવકાસ ઉભો થયો**

**રાજયનાં નેતાઓ વાણી વિલાસ કરીને વિવાદ તો ઉભો કરે પણ તેને સમાવવામાં નિષ્ફળ રહે**

**રાજયની જનતાનાં જુદા-જુદા પ્રશ્નોનાં નિરાકરણ માટે પણ સ્થાનિક નેતાઓ દિલ્હી તરફ મોં રાખીને રાહ જોતા જોવા મળે**

**રખડતા પશુઓ, માર્ગો, પાણી, શિક્ષણ, આરોગ્ય, કાયદો–વ્યવસ્થા જેવા સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ થતું નથી**

અમરેલી, તા.૨૭

ભારતીય જનતા પાર્ટીને દેશમાં સર્વોચ્ચ સ્થાને પહોંચાડનાર ગુજરાતનાં પનોતા પુત્ર અને દેશનાં લોકપ્રિયપ્રધાનમંત્રીનરેન્દ્રમોદીનાંનામે જેમરામનાંનામેપથ્થરાતરેતેમનરેન્દ્ર મોદીનાંનામેકયાંયનચાલેતેનેતાબની ગયા છે. શહેરમાં નિયમિત પાણી વિતરણ, રખડતા ઢોર, માર્ગનાં ખાડા કે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રની સામાન્ય ફરિયાદ પણ દૂર ન કરીશકનાર નેતાઓ માત્રવિપક્ષસામેહાંકલા–પડકારાકરતાં જોવામળીરહ્યાછે.

નરેન્દ્ર મોદી છેલ્લા ૧૦ વર્ષથીગુજરાતનુંમુખ્યમંત્રીપદછોડીને પ્રધાનમંત્રીબન્યાઅનેદિલ્હીજતાંરહેતા તેમનાબાદએકપણનેતાનરેન્દ્રમોદીની કામગીરીની૧૦ટકાકામગીરીપણકરી શકતા નથી. દિવસ–રાત મોદી નામ પઢવામાંજવ્યસ્તજોવામળેછે.

અમરેલી જિલ્લા સહિત ગુજરાતભરમાં નરેન્દ્ર મોદીની ખાલી થયેલ જગ્યા કોઈ ભાજપનાં નેતા પુરી શકયા નથી ઉલ્ટાની સમસ્યા વધારતા જોવા મળે છે. સ્થાનિક નેતાઓનાં વાણી વિલાસથી અવનવા વિવાદો ઉભા થાય અને જેના લીધે વિવાદ ઉભો થાય તે પોતાની રીતે વિવાદ ઉકેલવાને બદલે દિલ્હી તરફ મોં રાખીનેબેઠારહેછેકેનરેન્દ્રભાઈ અને અમિતભાઈ વિવાદનું નિરાકરણ લાવશે. અરે ભલા માણસ વિવાદ અને બખેડા તમો ઉભા કરો અને તેના ઉકેલ માટે નરેન્દ્રભાઈ અને અમિતભાઈની રાહ જુઓ છો.

અમરેલી અને ગુજરાતનાં મોટાભાગનાંભાજપનાંનેતાઓનેમાત્ર નરેન્દ્ર મોદીનાં ગુણગાન ગાવા છે પણ તેઓનેનરેન્દ્રમોદીનીજેમવિવિધપ્રશ્નો દૂર કરવાનું યાદ આવતું નથી. માત્ર વિપક્ષનેદબાવવામાંજઆનંદમેળવેછે.







## અમરેલીનાં ઠેબી જળાશયની ગોળાઈ ભયજનક



અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી જળાશયની ગોળાઈનો માર્ગ અતિ ભયજનક છે અને જેમાં માર્ગની બાજુમાં એક મીટરનું માટી કામ પણ જોવા મળતું નથી અને જો કોઈ વાહન ચાલક જરા પણ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવે તો અકસ્માત થઈ શકે તેમ છે. પરંતુ માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓને ભયજનક ગોળાઈને સુવિધાસભર બનાવવાની કોઈ ઉતાવળ નથી.

### પાંચ વર્ષનું ભાવિ નકકી કરવાનું હોય

## અમરેલી લોકસભાની ચૂંટણીમાં સમજી–વિચારીને મતદાન કરજો

**કોંગી ઉમેદવાર જેની ઠુંમરનો અનુરોધ**

અમરેલી, તા. ૨૭

અમરેલીલોકસભાબેઠકની ચૂંટણીનાંઉમેદવારજેનીઠુંમરેઆજેએક વિડીયોસંદેશવાયરલકર્યોછે.



તેણીએ જણાવેલ છે કે, લોકસભાવિસ્તારનાંલાખોનાગરિકોનું આગામી પાંચ વર્ષ માટેનું ભાવિ નકકી કરવાનો સમય આવ્યો છે. મહિલાઓ રીંગણાની ખરીદી પણ ચોકસાઈથી કરતી હોય છે તો આ તો સાંસદની પંસદગી કરવાની છે. તેવા સમયે જે વ્યકિતશિક્ષિત, સમજદાર, નિષ્ઠાવાન હોય અને જે લોકસભા વિસ્તારની જનતાનાંપ્રશ્નોસમજીશકેઅનેતેનેદૂર કરી શકે તેવા વ્યકિતની તરફેણમાં મતદાન કરવા અનુરોધ કરેલ છે.




### જાગૃત્ત નાગરિકોની રજૂઆત

## ધારીનાં રેલ્વે સ્ટેશન નજીક શરાબીઓએ ઉપાડો લીધો

**સ્થાનિક પોલીસે પેટ્રોલીંગ વધારવું જરૂરી**

અમરેલી, તા. ૨૭

ધારીનાં રેલ્વે સ્ટેશન નજીક છેલ્લાથોડાદિવસોથી૮થી૧૦શરાબીઓ ભેગાથઈનેદરરોજસાંજે૭થી૧૦સુધી દારૂની મહેફીલ માંડી રહ્યા છે. જેનાથી નજીકમાંથી પસાર મહિલાઓમાં ડરનો માહોલ ઉભો થઈ રહ્યો છે.


આ અંગે જાગૃત નાગરિકોએ કલેકટર, એસપી અને મીડિયાને પત્ર પાઠવીને આ સમસ્યાનું નિરાકરણ લાવીનેનાગરિકોનેસુરક્ષિતમાહોલપુરો પાડવા માટે અનુરોધ કરેલ છે.
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)